# તોરણ ૫

## ગુજરાતી શિક્ષક માર્ગદર્શિકા

ડૉ. સેજલ કુમાર નાયક
એમ.એ., પીએચ.ડી.

Harbour Press
INTERNATIONAL

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | હે જગત્રાતા વિશ્વવિધાતા (કાવ્ય) | ૦૩ |
| ૨. | શૂન્યની કિંમત | ૦૭ |
| ૩. | ધરતીનું કરો જતન (કાવ્ય) | ૧૧ |
| ૪. | અદશ્ય મંદિરની સફરે ડાયરીની સંગાથે | ૧૫ |
| ૫. | સમજુ વાંદરો | ૧૯ |
| ૬. | જંગલની સફાઈ | ૨૩ |
| ૭. | લીમડો (કાવ્ય) | ૨૭ |
| ૮. | રંગસ્વામીના પુત્રો | ૩૧ |
| ૯. | ખંતીલી ખેવનાની તાકાત | ૩૫ |
| ૧૦. | વૃક્ષદાદા (ટેકનોટેલ) | ૩૯ |
| ૧૧. | મારા પ્યારા પપ્પા (કાવ્ય) | ૪૩ |
| ૧૨. | ધીરુભાઈ અંબાણી | ૪૭ |
| ૧૩. | ધરતી માતાનો ઈ-મેલ | ૫૦ |
| ૧૪. | તિલક હોળી (કાવ્ય) | ૫૪ |

# ૧ હે જગત્રાતા વિશ્વવિધાતા

## કાવ્યની રૂપરેખા

**હે જગત્રાતા વિશ્વવિધાતા**

**સૃષ્ટિના સર્જનહાર પ્રભુ**

(૧) સૃષ્ટિના રચેતા પ્રભુ તમે સુખ શાંતિના દાતા છો.

(૨) ગરીબના ભાઈબંધ છે, દુઃખનો નાશ કરનાર પ્રભુ છો.

(૩) બ્રહ્માંડ રચના કરતા અનાદિ પ્રભુ છો.

(૪) તમે જગતના આશ્રય દાતા છો. તમે અમારા જગપતિ છો. તમને અમારા કોટી કોટી વંદન છે.

(૫) તમે અમારા પ્રાણ સખા છો. તમે અમારા માતા-પિતા છો. તમે અમારા જીવનનો આધાર છો.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ પ્રાર્થનાનું મહત્ત્વ સમજશે.

૨) વિદ્યાર્થીઓ પ્રભુશ્રદ્ધાનું જ્ઞાન કેળવશે.

૩) વિદ્યાર્થીઓ ઈશ્વરની મહત્તાને સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ કાવ્યનું પ્રાર્થના ગાન કરતા શીખશે.

૨) વિદ્યાર્થીઓ નવા શબ્દનો પરિચય મેળવશે.

૩) વિદ્યાર્થીઓ કાવ્યની ચર્ચા દ્વારા કથન શક્તિનો વિકાસ કરશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને ધોરણ-૪ની પ્રાર્થના કાવ્ય 'પરોઢિયે પંખી જાગીને' કાવ્ય સંભળાવશે. તેના આધારે અજ્ઞાનથી જ્ઞાન તરફ લઈ જવાનો પ્રયત્ન કરશે.

## શિક્ષણ પ્રવૃત્તિ (Teaching Methodology)

૧) પ્રાર્થના એટલે શું?

૨) પ્રાર્થના શા માટે કરવી જોઈએ?

૩) પ્રાર્થનાથી કયા કયા ફાયદા થાય છે?

- શિક્ષક વિદ્યાર્થીઓને સૌપ્રથમ પ્રાર્થનાનું ગાન કરાવશે.
- વિદ્યાર્થીઓ પ્રાર્થનાનું સમૂહગાન કરશે.
- શિક્ષક વિદ્યાર્થીઓને કોયડાની મદદથી નવા શબ્દોની સમજણ આપશે.
- શિક્ષક વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછશે અને તેના આધારે કાવ્યની ચર્ચા કરશે.
- શિક્ષક ચર્ચાના મહત્ત્વના મુદ્દાને કાળા પાટિયા પર લખશે.
- મહત્ત્વના મુદ્દાના આધારે કાવ્યની સમજૂતી સ્પષ્ટ કરશે. શિક્ષક જરૂર પડે ત્યાં વિદ્યાર્થીઓને મુદ્દાની ચર્ચામાં પ્રોત્સાહિત કરશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ પ્રાર્થના ગાનની પ્રશંસા ૨) ઉત્તમ ચર્ચાની પ્રશંસા
૩) ખામીઓમાં સૂચાવ અને સૂચનાઓ આપવી.

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ૨) ચર્ચાનું મૂલ્યાંકન
૩) પ્રાર્થના ગાનનું મૂલ્યાંકન

## સામાન્ય ખામીઓ

૧) નવા શબ્દના ઉચ્ચારણમાં ખામીઓ ઉદ્‌ભવવી ૨) પ્રાર્થના ગાન કરતી વખતે સમસ્યા ઉદ્‌ભવવી

## સમસ્યા નિવારણ

૧) શિક્ષકે વર્ગમાં શબ્દ દીવાલ બનાવવી, તે શબ્દ દીવાલમાંથી શબ્દોનું વિદ્યાર્થીઓ પાસે તાસની શરૂઆતમાં વાંચન કરાવવું.
૨) પ્રાર્થનાનું ગાન અઠવાડિયામાં ત્રણ દિવસ વર્ગમાં કરાવવું.

## પ્રવૃત્તિ

૧) વિદ્યાર્થીઓ તેમના ઘરના વડીલોને પૂછીને કોઈપણ એક પ્રાર્થના નોંધપોથીમાં લખશે.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) આ કાવ્યને જીવનમાં આવતી મુશ્કેલીઓ સાથે સાંકળીને સમજાવવું ખૂબ જરૂરી છે.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) રવિન્દ્રનાથ ટાગોર કોણ હતા? ૨) કોઈપણ પાંચ 'ઈ' માત્રાવાળા શબ્દ કાવ્યમાંથી શોધીને લખો.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) પ્રાર્થનાથી તમને શું ફાયદા થયા છે? તે લખો.
૨) કોઈપણ પાંચ અલગ-અલગ ભાષામાં 'પ્રાર્થના' માટે કયા શબ્દ વપરાય છે તે લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) 'પ્રાર્થના એ આત્માનો ખોરાક છે' આ વાક્ય વિશે લખો. ૨) કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દમાં લખો.

## ગૃહકાર્ય

૧) તમારા મિત્રને ગમતી પ્રાર્થના વિશે માહિતી મેળવો અને તેના વિશે લખો.


## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧ શબ્દ પરથી વાક્ય બનાવો.**

૧) પ્રાર્થના ૨) પ્રેમ ૩) શાંતિ
૪) આધાર ૫) જગ

## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ શબ્દપૈડું પૂર્ણ કરો.**




૧) ....................

૨) ....................

૩) ....................

૪) ....................

૫) ....................

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો.**

૧) કવિ પ્રભુને કહે છે કે, તમે સૃષ્ટિના સર્જનહારા છો. તમે પ્રેમના સિંધુ છો. દીનના બંધુ સુખ-શાંતિ આપનાર છો. દુઃખ દરિદ્રતાનો નાશ કરનાર છો. તમે અમારા જીવનનો આધાર છો.

૨) કવિએ પ્રભુને જગત્રાતા વિશ્વવિધાતા કહ્યા છે કારણ કે, પ્રભુ જગતના પિતા અને પાલક છે અને આ સૃષ્ટિના સર્જનહાર છે.

૩) આ કાવ્યપંક્તિમાં એવુ કહેવામાં આવ્યુ છે કે, પ્રભુ આપણા પ્રાણ સખા છે. ત્રણ ભુવનના નાથ આપણા વાલી/પાલક સમાન છે. આપણા જીવનનો આધાર સ્વરૂપ છે.

**જ.૨ નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો.**

૧) કાવ્યમાં પ્રભુ માટે જગત્રાતા, વિશ્વવિધાતા, જગપતિ, પ્રાણસખા અને ત્રિભુવન વગેરે શબ્દો વપરાયા છે.

૨) જીવનનું અવલંબન પ્રતિપાલક છે.

૩) આ કાવ્યના કવિ રવિન્દ્રનાથ ઠાકુર છે.

**જ.૩ સમાનાર્થી શબ્દની શોધખોળ**

૧) ઈશ્વર  ૨) ગરીબ  ૩) અનંત  ૪) અજોડ  ૫) પાલક-વાલી

**જ.૪ સાચી જોડણીની શોધખોળ કરી લખો.**

૧) વિશ્વવિધાતા  ૨) નિરંજન  ૩) ત્રિભુવન  ૪) જગપતિ  ૫) શાંતિ

**જ.૫ અર્થભેદ સમજો અને નીચે આપેલા બીજા બે અર્થભેદ શિક્ષકની મદદથી શોધો.**

૧) દ્વિપ = હાથી  દ્વીપ = બેટ  ૨) પુર = શહેર  પૂર = રેલ

૩) વારિ = પાણી  વારી = વારો, ક્રમ  ૪) પતિ = સ્વામી  પતી = ક્રિયા પૂરી થઈ

**જ.૬. કાવ્યપંક્તિમાં ખૂટતા શબ્દો મૂકો.**

૧) નિકેતન  ૨) નિરંજન  ૩) અનંત  ૪) સનાતન

**જ.૭ કાવ્યપંક્તિને યોગ્ય રીતે જોડો.**

(૧-૪), (૨-૩), (૩-૨), (૪-૧)


## કાર્યપત્રિકા જવાબ - ૧

**જ.૧ શબ્દ પરથી વાક્ય બનાવો.**

૧) પ્રાર્થના - રોજ સવારે ભગવાનની પ્રાર્થના હું કરું છું.
૨) પ્રેમ - મારી મા મને ખૂબ પ્રેમ કરે છે.
૩) શાંતિ - મંદિરમાં પ્રભુ પાસે શાંતિનો અનુભવ થાય છે.
૪) આધાર - માતા-પિતા આપણા જીવનનો આધાર છે.
૫) જગ - જગના રચનાકાર પ્રભુ છે.

## કાર્યપત્રિકા જવાબ - ૨

**જ.૧ શબ્દપૈડું પૂર્ણ કરો.**




૧) ઓજસ
૨) ઓરી
૩) ઓરસ
૪) ઓખર
૫) ઓક

# ૨ શૂન્યની કિંમત

## પાઠની રૂપરેખા

**શૂન્યની કિંમત**

(૧) અંકવનમાં બધા અંકો અને શબ્દો હળીમળીને રહેતા હતા, માત્ર શૂન્યો સાથે વાતો કરતા નહી. તેમને કિંમત વગરના સમજતા હતા.

(૨) શૂન્યો હંમેશાં એકલા રમતા, પોતાની જાતને નકામા સમજતા હતા. પસ્તાવો કરતા કે, ભગવાને અમને કામ વગરના બનાવ્યા છે.

(૩) આર્યભટ્ટની અંકવનની મુલાકાતે જવું. ત્યાં તેમણે શૂન્યો અને અંકો અલગ-અલગ રહેતા જોયા.

(૪) આર્યભટ્ટે અંકોને સમજણ આપી કે, અંકો શૂન્ય વગર અધૂરા છે. આમ અંકોને પોતાની ભૂલ સમજાઈ અને પરસ્પર સહકાર અને એકતાથી રહેવા લાગ્યા.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓમાં નાટ્ય શૈલીનો વિકાસ કરશે.

૨) વિદ્યાર્થીઓ નવા શબ્દોનું જ્ઞાન મેળવશે.

૩) વિદ્યાર્થીઓ પાઠના આધારે એકતાના મૂલ્યને સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ પાઠના આધારે પરસ્પર સહકારની ભાવના વિકસાવશે.

૨) વિદ્યાર્થીઓની કથન, વાંચન, લેખન, શ્રવણ શૈલીનો વિકાસ થશે.

૩) વિદ્યાર્થીઓ સૃષ્ટિમાં દરેક વસ્તુઓ ઉપયોગી હોય છે, તે વિશે જ્ઞાન મેળવશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક/શિક્ષિકા વિદ્યાર્થીઓને 'કીડી અને કબૂતર' અથવા 'સિંહ અને ઉંદર'ની વાર્તા દ્વારા સૃષ્ટિના દરેક જીવ ખૂબ ઉપયોગી છે. તે વિશેનું જ્ઞાન આપીને પરિચિતથી અપરિચિત જ્ઞાન તરફ લઈ જશે.

## શિક્ષણ પ્રવૃત્તિ - નાટ્ય પદ્ધતિ

- શિક્ષક વિદ્યાર્થીઓને ચાર-ચાર જુદા જુદા સમૂહમાં વિભાજિત કરશે.
- શિક્ષક દરેક સમૂહને પાઠની નાટ્ય સ્વરૂપે રજૂઆત કરવા માટે એક તાસનો સમય આપશે.
- વિદ્યાર્થીઓ પાઠના સંવાદો સ્વભાષામાં લખવાનો પ્રયત્ન કરશે. જરૂર પડે ત્યાં શિક્ષકની સહાય લેશે.
- દરેક સમૂહ પાઠની નાટ્ય સ્વરૂપે રજૂઆત કરશે આમ વિદ્યાર્થીઓ સ્વઅધ્યયની મદદથી પાઠની સમજણ મેળવશે.
- વિદ્યાર્થીઓ નાટ્ય માટે જરૂરી તૈયારી કરશે. તેના આધારે પાઠની રજૂઆત કરશે.
- શિક્ષક જરૂર પડે ત્યાં મદદકર્તાની ભૂમિકા ભજવશે.

## પ્રતિભાવ

૧) સંવાદ ઉચ્ચારણ ૨) વિષય વસ્તુની રજૂઆત

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) નાટ્યનું યોગ્ય રજૂઆત ૨) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ૩) અભિનય કળા

## સામાન્ય ખામીઓ

૧) નાટ્યની રજૂઆતમાં સંવાદમાં કે અભિનયમાં ખામીઓ ઉદ્‌ભવવી.

## સમસ્યા નિવારણ

૧) શિક્ષક જ્યાં ખામીઓ ઉદ્‌ભવે ત્યાં માર્ગદર્શનકર્તાની ભૂમિકા ભજવીને તે વિશે વધુ સૂચનાઓ આપશે.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) આ પાઠને શિક્ષક ગણિત અને ઈતિહાસ જેવા વિષયો સાથે આવરીને તે વિશે વિસ્તૃત માહિતી આપશે.
ઉ.દા. આર્યભટ્ટ વિશે માહિતી (ઈતિહાસ), શૂન્યની શોધ કેમ કરી? અને એનો ઉપયોગ (ઈતિહાસ અને ગણિત)

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) આર્યભટ્ટ કોણ હતા? ૨) જે અંકોમાં શૂન્યનો ઉપયોગ થાય તેવા પાંચ અંકો લખો.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) દેશી રમતોના પાંચ નામ લખો. તે વિશે પાંચ વાક્ય લખો.
૨) 'જો શૂન્ય ન હોત તો શું થાત?' તે વિશે લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) 'તમે શૂન્યની જગ્યાએ હોત તો શું કરત?' તે વિશે લખો.
૨) આ પાઠમાંથી તમે શું શીખ્યા? તે લખો.

## ગૃહકાર્ય

૧) ૧ થી ૧૦૦ અંકો ગુજરાતી ભાષામાં લખો.

## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧ જવાબની શોધખોળ**

૧. અંકો કોની સાથે વાતો કરતા ન હતા? ૨. રમતી વખતે દાદાગીરી કોણ કરતા હતા?

**પ્ર.૨ નીચેના વાક્ય કોણ બોલે છે તે લખો.**

૧. આપણી તો કોઈ કિંમત નથી. - ..........................
૨. શા માટે ? શૂન્ય તમારાથી અલગ રહે છે. - ..........................
૩. એ શૂન્યની કોઈ કિંમત નથી. - ..........................
૪. અમે અંકો સૌથી શ્રેષ્ઠ છે. - ..........................

**પ્ર.૩ સમાનાર્થી શબ્દ શોધીને લખો અને વાક્ય બનાવો.**

૧. કિંમત – ........................ ૨. અભિમાન – ........................

૩. શ્રેષ્ઠ – ........................

## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ કલ્પના કરો કે તમે આ વાર્તામાં શૂન્ય છો તો તમે કેવી રીતે અંકો સાથે વાત કરશો તે નીચેના વાર્તાના મેપમાં લખો.**

| | |
|---|---|
| | |
| | |
| | |

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) અંકવનમાં શબ્દો, અંકો અને શૂન્યો રહેતા હતા.

૨) અંકો પોતાની જાતને સૌથી કિંમતી અને શ્રેષ્ઠ સમજતા હતા માટે તેઓને અભિમાન હતું.

૩) આપણે તો આ સૃષ્ટિ પર નકામા છીએ. આપણી કોઈ કિંમત નથી. એવી વાતો શૂન્ય અંદરોઅંદર કરતા હતા.

૪) અંકવનમાં અંકો અને શૂન્ય અલગ અલગ રહે છે. એ જોઈને આર્યભટ્ટ આશ્ચર્યચકિત રહી ગયા.

૫) આર્યભટ્ટે અંકોને તેમની સાથે શૂન્યનું મહત્ત્વ કેટલું છે તે વિશે ૨ + ૦ = ૨૦ થાય એવી રીતે સમજણ આપી.

૬) આ પાઠમાંથી બોધ મળે છે કે, કોઈ કિંમતી નથી, કોઈ શ્રેષ્ઠ નથી, બધાનું મૂલ્ય એક સરખું છે.

**જ.૨ જવાબની શોધખોળ.**

૧) અંકો અને શબ્દો આંબલી-પીપળી, ભમરડો, લખોટી અને ગિલ્લી દંડો રમત રમતા હતા.

૨) હંમેશા વૃક્ષ પર ઉદાસ શૂન્ય બેસતા હતા. ૩) ગણિતશાસ્ત્રીનું નામ આર્યભટ્ટ હતું.

**જ.૩ સમાનાર્થી શબ્દ પાઠમાંથી શોધીને લખો અને તેનું વાક્ય બનાવો.**

૧) જંગલ – દર વર્ષે માર્ચ ૨૧નાં રોજ આખા વિશ્વમાં વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવે છે.

૨) અંક – મને એકથી સો ગુજરાતી અંકો લખતા આવડે છે.

૩) શૂન્ય – આર્યભટ્ટએ મીંડાંનુ મહત્ત્વ સમજાવ્યું છે.

**જ.૪ વિરોધી શબ્દની શોધખોળ કરો.**

૧) બહાર ૨) પ્રધાન, મુખ્ય ૩) નિરાભીમાન ૪) પાછળ ૫) નફરત

**જ.૫ નામની જગ્યાએ જે શબ્દ વાપર્યો છે તેને સર્વનામ કહેવાય.**

## કાર્યપત્રિકા જવાબ - ૧

**જ.૧ જવાબની શોધખોળ**

૧) અંકો શૂન્ય સાથે વાતો કરતા ન હતા.
૨) રમતી વખતે ૧ થી ૯ અંકો સૌથી વધુ દાદાગીરી કરતા હતા.

**જ.૨ નીચેના વાક્ય કોણ બોલે છે તે લખો.**

૧) શૂન્ય ૨) આર્યભટ્ટ ૩) અંકો ૪) અંકો

**જ.૩ સમાનાર્થી શબ્દ શોધીને લખો અને વાક્ય બનાવો.**

૧) મૂલ્ય - માનવ જીવનનું મૂલ્ય ક્યારેય આંકી શકાય નહિ.
૨) ગર્વ - મને મારા દેશ પર ખૂબ ગર્વ છે.
૩) ઉત્તમ - મારી શાળામાં ઉત્તમ પ્રકારનું શિક્ષણ મળે છે.

## કાર્યપત્રિકા જવાબ - ૨

**જ.૧**

| | |
|---|---|
| હું સૌ પ્રથમ અંકો ને તેમનું મહત્ત્વ સમજાવીશ. | હું શૂન્યની શું કિંમત છે? તે સમજાવીશ. |
| હું અંકોની એકતાનું મહત્ત્વ સમજાવીશ. | એકતાના મહત્ત્વ માટે ખેડૂત અને તેના ચાર પુત્રની વાત સમજાવીશ. |
| અંતે શૂન્ય અને અંકોને સાથે મૂકી આંકડા બનાવીશ. | આમ પ્રેમથી હું અંકોને શૂન્ય (મારું) મહત્ત્વ સમજાવીશ. |

# ૩ ધરતીનું કરો જતન

## કાવ્યની રૂપરેખા

ધરતીનું કરો જતન → ધરાનું કરો રક્ષણ

(૧) આ કાવ્યમાં મનુષ્ય દ્વારા પૃથ્વી પર થતા દૂષિત કાર્યની વાત કરવામાં આવી છે.

(૨) જંગલોને કાપીને મનુષ્યએ મેદાનો ઊભા કરી નાખ્યા. જેના પરિણામ સ્વરૂપ દુકાળ ઉદ્‌ભવે છે.

(૩) હવા અને પાણીનો દૂરઉપયોગ મનુષ્યો કરે છે. જેના પરિણામ સ્વરૂપ પ્રદૂષણ વધે છે.

(૪) કુદરતનો ખજાનો અખૂટ છે. તેનું રક્ષણ કરવું જરૂરી છે. પૃથ્વીનો ઉપકાર ભૂલી જશો તો મનુષ્યનો વિનાશ થશે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ પર્યાવરણ રક્ષણનું મહત્ત્વ સમજશે.
૨) વિદ્યાર્થીઓ મનુષ્ય દ્વારા થતા જંગલના ભક્ષણના મહત્ત્વને સમજશે.
૩) વિદ્યાર્થીઓ કુદરતના ખજાનાનું રક્ષણ કરવું એ વાતને સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ નવા શબ્દોનો પરિચય મેળવશે.
૨) વિદ્યાર્થીઓના વાંચન, લેખન, શ્રવણ અને કથન કૌશલ્યનો વિકાસ થશે.
૩) વિદ્યાર્થીઓ કાવ્યનું ગાન કરશે.

## અંતઃ વિષય દષ્ટિકોણ

૧) શિક્ષિક કાવ્યની પર્યાવરણની સમસ્યાને શાળાના દરેક વિષય સાથે આવરીને વધુ સમજણ સ્પષ્ટ કરશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને ‘પર્યાવરણ’ અને ‘પ્રદૂષણ’ બંને શબ્દનો અર્થ સમજાવશે અને વચ્ચેનો ભેદ પણ સમજાવશે. જેથી કાવ્યની સમજણમાં સરળતા રહેશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને ચાર જુદા જુદા સમૂહમાં બેસાડશે.
૨) શિક્ષક વિદ્યાર્થીઓને ચાર અલગ અલગ ચિત્ર આપશે. જેવા કે પર્યાવરણ સમસ્યાને લગતા હોય.
૩) વિદ્યાર્થીઓ સમૂહમાં ચિત્ર વિશે ચર્ચા કરશે. ચર્ચાના મહત્ત્વના મુદ્દાને નોટબુકમાં લખશે.
૪) સમૂહમાં કોઈપણ એક વિદ્યાર્થી ચિત્ર વિશે ચર્ચા કરશે. શિક્ષક ચર્ચાના મહત્ત્વના મુદ્દાને કા.પા. પર લખશે.
૫) શિક્ષક મહત્ત્વના મુદ્દાઓને ધ્યાનમાં લઈને કાવ્યની સમજણ સ્પષ્ટ કરશે. જરૂર પડે ત્યાં શિક્ષક મદદકર્તાની ભૂમિકા ભજવશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ચિત્રવર્ણનની ચર્ચાની પ્રશંસા ૨) ચિત્રવર્ણનનું લેખન કાર્ય

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનું લેખન કાર્ય ૨) વિદ્યાર્થઓનું ચર્ચા કાર્ય ૩) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ

## સામાન્ય ખામીઓ

૧) વિદ્યાર્થીઓને ચિત્રમાંથી અમુક શબ્દોને ગુજરાતી ભાષા લખવામાં સમસ્યા ઉદ્ભવે.

## સમસ્યા નિવારણ

૧) વર્ગમાં શરૂઆતની પાંચ મિનિટ રોલ નંબર આધારિત દરરોજ વાંચન કરાવવું.

૨) માત્રાની ઓળખવાળા શબ્દો વર્ગમાં લગાવી (શબ્દદીવાલ) Wordwall વિદ્યાર્થીઓના સ્વવાંચન પર ભાર મૂકવો.

## અંતઃ વિષય દષ્ટિકોણ

૧) આ પાઠમાં વિજ્ઞાન સંબંધિત માહિતીઓ ભેગી કરીને વધુ સમજણ આપી શકાશે.

## પ્રવૃત્તિ

૧) હાસ્ય સંબંધિત અલગ અલગ રમૂજી ચહેરાઓ બનાવો.

૨) 'પર્યાવરણ બચાવો' પર પોસ્ટર મેકિંગ સ્પર્ધા કરવી.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ

૧) પ્રદૂષણ એટલે શું?

## મધ્યમ વિદ્યાર્થીઓ

૧) પ્રદૂષણ દ્વારા થતા કોઈપણ બે ગેરફાયદા લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) આપણે પ્રદૂષણને વધતાં કેવી રીતે અટકાવી શકીયે છે?

## ગૃહકાર્ય

૧) પ્રદૂષણને લગતાં જુદા જુદા ચિત્રો શોધીને તમારી નોંધપોથીમાં લગાવો.

## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧ સમાનાર્થી શબ્દો શોધીને લખો.**

૧) નદી ૨) ભાઈ ૩) પાણી ૪) હિમ

૫) ઉપકાર ૬) અખૂટ ૭) પતન

**પ્ર.૨ તમે શું કરશો? તે કહો હા કે ના લખો.**

૧) તમે વૃક્ષને કાપશો [ ]

૨) તમે દુકાળમાં પાણીનો બગાડ કરશો [ ]

૩) તમે કાગળનો બગાડ કરશો

૪) તમે નદીમાં કચરો નાંખશો

૫) તમે પર્યાવરણની સાચવણી કરશો

૬) તમે જાહેર મિલકતની જાળવણી કરશો

## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ નીચેના વાક્યમાંથી સર્વનામ શોધીને લખો.**

૧) તેનો ચહેરો નિર્દોષ હતો.

૨) તે દયાળુ માણસ હતો.

૩) મને ઠંડું પાણી આપો.

૪) તારી ભેટ મને ખૂબ ગમી હતી.

૫) પરેશ તું ક્યાં જાય છે?

૬) તમે તો મને આજે ઘણું શીખવી દીધું!

૭) તારે શું શીખવું છે?

૮) મારે એ બે હંસોને જોવા છે.

૯) અમે ચારેય ભાઈઓ સરખે ભાગે વહેંચી લઈશું.

૧૦) હું કેવી કમભાગી છું!

૧૧) મેં તને પુસ્તકાલયની વાત કરી હતી ને?

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ.**

૧) જંગલના વૃક્ષો આડેધડ કાપી નાખ્યા એટલે જંગલ મેદાન થઈ ગયા.

૨) કાવ્યમાં હવા, પાણી અને અવાજના પ્રદૂષણની વાત કરવામાં આવી છે.

૩) (૧) ખેડૂત વર્ષાની રાહ જુએ અને દુકાળ પડે છે.

(૨) નદીઓમાં પૂર આવે છે અને પાક ધોવાઈ જાય છે.

(૩) મિલો ને વાહનોનો ધુમાડો સૌને હેરાન કરે છે.

૪) ધરતી આપણી માતા છે. માતા પાસે હંમેશાં અખૂટ વસ્તુઓ હોય છે. એ જ રીતે ધરતી માતા પાસેથી પણ અખૂટ કુદરતી વસ્તુઓ મળે છે. માટે કુદરતનો અખૂટ ખજાનો કહ્યો છે.

૫) વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.

**જ.૨ સમાનાર્થી શબ્દો શોધીને લખો.**

૧) ધરા ૨) તરુ ૩) અરણ્ય ૪) આભ

**જ.૩ સાચી જોડણી લખો.**

૧) ધરતી ૨) ઉપકાર ૩) પાણી ૪) ઘોડાપૂર

**જ.૫ કાવ્યપંક્તિને યોગ્ય રીતે જોડો.**

| | |
|---|---|
| ૧) આડેધડ વૃક્ષો કાપીને | જંગલ થયા મેદાન |
| ૨) હવા, પાણી ને અવાજના | પ્રદૂષણનો નથી પાર |
| ૩) ગગનમાંથી વરસે ગરમી | નીચે હિમ પીગળતો જાય |
| ૪) મિલો અને વાહનોના ધુમાડા | કરે સહુને હેરાન |

**જ.૬ કાવ્યપંક્તિમાં ખૂટતા શબ્દો મૂકો.**

૧) ધરતીનું કરો જતન રે ભાઈ     ૨) કુદરતનો છે અખૂટ ખજાનો

૩) પૃથ્વીનો ઉપકાર જો ભૂલશો, તો થશે તમારું પતન રે ભાઈ.

**જ.૭ નીચેના વેબમાં ધરતીના પાંચ જુદા જુદા નામ શોધી લખો.**

૧) પૃથ્વી     ૨) ધરા     ૩) જમીન     ૪) અચલા     ૫) અવનિ

**જ.૮ નીચેના વાક્યમાંથી સંજ્ઞા શોધીને લંબચોરસમાં લખો.**

૧) મુંબઈ     ૨) રામ     ૩) સોનું     ૪) સફરજન     ૫) કૂતરા

**નીચેના ચિત્રમાં ધરતી માતાના આંખમાંથી આંસુ શા માટે આવી રહ્યા છે તે વિચારીને લખો.**

વિદ્યાર્થી સ્વભાષામાં લખશે.

## કાર્યપત્રિકા જવાબ - ૧

**જ.૧ સમાનાર્થી શબ્દો શોધીને લખો.**

૧) સરીતા     ૨) ભ્રાતા     ૩) જળ     ૪) બરફ     ૫) કૃપા

૬) કદી ખૂટે નહિ એવું     ૭) વિનાશ

**જ.૨ વિદ્યાર્થીઓ પોતાની રીતે લખશે.**

## કાર્યપત્રિકા જવાબ - ૨

**જ.૧ નીચેના વાક્યમાંથી સર્વનામ શોધીને લખો.**

૧) તેનો     ૨) તે     ૩) મને     ૪) તારી, મને     ૫) તું

૬) તમે, મને     ૭) તારે     ૮) મારે     ૯) અમે     ૧૦) હું

૧૧) મેં, તને

# ૪ અદૃશ્ય મંદિરની સફરે

## પાઠની રૂપરેખા

**અદૃશ્ય મંદિરની સફરે**

(૧) લેખિકા પોતાના પ્રવાસનું વર્ણન અનુભવ ડાયરી લેખન દ્વારા વર્ણવે છે.

(૨) સ્તંભેશ્વર મહાદેવનું મંદિર દરિયામાં ઓટ આવે ત્યારે જોઈ શકાય છે. ભરતી આવે ત્યારે આખું મંદિર પાણીમાં ગરકાવ થાય છે.

(૩) શિવજીના મોટા પુત્ર કાર્તિકેયે તારકાસુર નામના રાક્ષસનો વધ કર્યા બાદ મંદિર બનાવ્યું હતું.

(૪) લેખિકાને શાંતતાનો અનુભવ થાય છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) સ્થાનિક ધાર્મિક સ્થળનો પરિચય મેળવે છે.
૨) વિદ્યાર્થીઓ ડાયરી લેખન દ્વારા રચનાત્મક કાર્ય કરશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) સાંભળેલી વિગતોને ઘટનાક્રમમાં સમજશે.
૨) નવા રચનાત્મક કાર્યનું જ્ઞાન મેળવશે.
૩) ડાયરી લેખનનું જ્ઞાન મેળવશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને તેમના આસપાસના ધાર્મિક સ્થળ વિશે ચર્ચા કરશે તેના આધારે પાઠની પ્રાથમિક સમજણ આપશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

### પ્રશ્નો

૧) અદૃશ્ય એટલે શું?
૨) તમે કોઈ અદૃશ્ય વસ્તુનો અનુભવ કર્યો છે?
૩) તમે કોઈ ધાર્મિક સ્થળની સફરે ગયા છો?
૪) તમારા સફરનું વર્ણન કરો.

- શિક્ષક વિદ્યાર્થીઓને આવા વિવિધ પ્રશ્નો પૂછીને પાઠનું બંધારણ બાંધશે.
- શિક્ષક વિદ્યાર્થીઓને તેમના સફર વર્ણન વિશે લેખન કાર્ય કરવા કહેશે.
- વિદ્યાર્થીઓના લેખનના આધારે શિક્ષક વિદ્યાર્થીઓ સાથે પાઠ વિશે ચર્ચા કરશે.
- શિક્ષક પાઠનું વાંચન કરશે અને વિદ્યાર્થીઓ પાઠનું મૌન વાંચન કરશે.
- વિદ્યાર્થીઓ ચર્ચાના આધારે પાઠનું સ્વઅધ્યયન કરશે.
- વિદ્યાર્થીઓને જરૂર પડે ત્યારે શિક્ષક માર્ગદર્શકની ભૂમિકા ભજવશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ ચર્ચાની પ્રશંસા
૨) ચર્ચાના યોગ્ય મુદ્દાની રજૂઆત
૩) વાક્યની યોગ્ય રજૂઆત

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ૨) ભાષાકિય કૌશલ્ય

## સામાન્ય ત્રૂટીઓ

૧) પરિચિત શબ્દોનું શબ્દના પ્રત્યયના આધારે શબ્દો વચ્ચેની સમાનતા વિશે સભાનતા કેળવવામાં ખામીઓ અનુભવે છે.

## સમસ્યા નિવારણ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને પ્રત્યયની સમજણ વધુ ઊંડાણથી આપશે.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) આ પાઠના આધારે વિદ્યાર્થીઓ ઈતિહાસ વિષયને સાથે સાંકળીને મંદિર ઈતિહાસ વિશે વધુ માહિતી મેળવશે. સાથોસાથ વૈજ્ઞાનિક કારણ વિશે પણ ચર્ચા કરી વિજ્ઞાન વિષય સાથે આવરી લેશે.

## પ્રવૃત્તિ

૧) શંકર ભગવાનના દસ જુદા જુદા નામ શોધીને લખો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ

૧) ભરતી એટલે શું? ૨) ઓટ એટલે શું?

## મધ્ય વિદ્યાર્થીઓ

૧) ડાયરી લેખન એટલે શું? ૨) ડાયરી લેખન અને પત્રલેખન વચ્ચેનો તફાવત લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) અરબી સમુદ્રમાં ગુજરાતમાંથી કઈ કઈ નદીઓ મળે છે? ૨) બીજા ત્રણ સમુદ્રના નામ લખો.

## ગૃહકાર્ય

૧) 'તમે માણેલા પ્રવાસ'નું વર્ણન તમારી નોંધપોથીમાં લખો.

## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧ સાચી જોડણી લખો.**

૧) અશય - ............... ૨) શીવાલય - ...............

૩) મંદીર - ............... ૪) પવ્રાસ - ...............

૫) પૌરાણીક - ...............

**પ્ર.૨ દાદી/દાદાની સંગાથે :**

નીચેના બીલીપત્રમાં શિવજીના પાંચ નામો લખો.



## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) સમુદ્ર ૨) ડાયરી ૩) અદૃશ્ય ૪) સફર ૫) પ્રખ્યાત

**પ્ર.૨ નીચેના વાક્યમાંથી વિશેષણ શોધીને લખો.**

૧) રાતી ગાય ચરે છે. ૨) ભોળું કબૂતર ઊડે છે. ૩) મને ઠંડું શરબત આપો.
૪) વાઘ જંગલી પ્રાણી છે. ૫) પાંચ પતંગ આકાશમાં ઊડે છે.

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) લેખિકા સખીઓ સાથે કાવીકંબોઈ ગામના અદૃશ્ય મંદિર સ્તંભેશ્વર મહાદેવના મંદિર ગયા હતા.
૨) સ્તંભેશ્વર મહાદેવનું મંદિર દરિયામાં જ્યારે ઓટ આવે છે ત્યારે જ જોઈ શકાય છે અને ભરતી આવે ત્યારે પાણીમાં ગરકાવ થઈ જાય છે, માટે તે અદૃશ્ય મંદિર તરીકે ઓળખાય છે.
૩) અદૃશ્ય મંદિર ભગવાન શિવજીના મોટા પુત્ર કાર્તિકેયે તારકાસુર નામના રાક્ષસનો વધ કર્યા બાદ બનાવ્યું હતું.
૪) વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે. ૫) વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.

**જ.૨ પ્રશ્નોના એક શબ્દમાં જવાબ લખો.**

૧) અરબી સમુદ્ર ૨) સ્તંભેશ્વર મહાદેવ ૩) ચાર ફૂટ ૪) ભરતી સમયે ૫) ડાયરીમાં

**જ.૩ કહો કોણ ?**

૧) કાર્તિકેય ૨) ગણેશ ૩) પાર્વતી ૪) હિમાલય ૫) શિવાલય
૬) રુદ્રાક્ષ ૭) ડમરું

**જ.૪ સમાનાર્થી શબ્દ લખો.**

૧) દરિયો ૨) પ્રભુ ૩) મુસાફર ૪) કર્ણ ૫) વખત

**જ.૫ વિરોધી શબ્દ લખો.**

૧) અશાંતિ ૨) દૃશ્ય ૩) નીચું ૪) ઓટ ૫) મરણ


## કાર્યપત્રિકા જવાબ - ૧

**જ.૧ સાચી જોડણી લખો.**

૧) આશય ૨) શિવાલય ૩) મંદિર ૪) પ્રવાસ ૫) પૌરાણિક

**જ.૨ દાદી/દાદાની સંગાથે :**

નીચેના બીલીપત્રમાં શિવજીના પાંચ નામો લખો.



# કાર્યપત્રિકા જવાબ - ૨

**જ.૧ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) સમુદ્ર - સોમનાથનું મંદિર અરબી સમુદ્ર કિનારે આવેલું છે.
૨) ડાયરી - હું મારી ડાયરીમાં રોજના જીવન પ્રસંગ લખું છું.
૩) અદશ્ય - હું મારા પરિવાર સાથે અદશ્ય મંદિરની સફરે ગયો હતો.
૪) સફર - હું સોમનાથ મહાદેવની મંદિરની સફરે ગયો હતો.
૫) પ્રખ્યાત - ગુજરાતનું લોકનૃત્ય ગરબા વિશ્વમાં પ્રખ્યાત છે.

**જ.૨ નીચેના વાક્યમાંથી વિશેષણ શોધીને લખો.**

૧) રાતી ૨) ભોળું ૩) ઠંડું ૪) જંગલી ૫) પાંચ પતંગ

# ૫ સમજુ વાંદરો

## પાઠની રૂપરેખા

**સમજુ વાંદરા**

(૧) ગાંધીજીના જીવન મૂલ્યની સમજણ મેળવવી. ગાંધીજીના ચીની મિત્ર ભેટમાં સમજુ વાંદરાનું રમકડુ આપે છે.

(૨) મુસાફર ગાંધીજીને મળવા આવે છે. વાંદરાના રમકડા વિશે પૂછે છે.

(૩) ગાંધીજી ત્રણ વાંદરાવાળા રમકડા વિશે સમજણ આપે છે.

(૪) મુસાફર દ્વારા નિશ્ચય કરવો કે, સમજુ વાંદરાની જેમ જીવન જીવવું.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ ગાંધીજીના જીવન મૂલ્યને સમજશે.
૨) વિદ્યાર્થીઓ સારી રીતભાત અને આદતો કેળવશે.
૩) વિદ્યાર્થીઓ રમકડાના મહત્ત્વને સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓની ભાષાકીય શક્તિનો વિકાસ થશે.
૨) વિદ્યાર્થીઓ જીવન મૂલ્યના મહત્ત્વને સમજશે.

## અભિપ્રેરણા

૧) વિદ્યાર્થીઓને શિક્ષક અલગ અલગ પ્રતીકાત્મક રમકડા બતાવશે. તેના વિશે ચર્ચા કરશે તેના આધારે જ્ઞાન થી અજ્ઞાન તરફ લઈ જશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને 'સમજુ વાંદરા' રમકડાને ચિત્ર સ્વરૂપે વર્ગમાં દરેક બાળકોને પ્રિન્ટઆઉટ કે ચિત્ર આપશે.
૨) પાંચ મિનિટના સમયમાં તે ચિત્ર વિશે લેખન કાર્ય કરવા કહેશે.
૩) શિક્ષક ચિત્રના લેખન કાર્યના આધારે પાઠના મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરશે.
૪) વિદ્યાર્થીઓ ચિત્રવર્ણનના આધારે સ્વઅધ્યનની મદદથી પાઠની સમજૂતી મેળવશે.
૫) વિદ્યાર્થીઓ જરૂર પડે ત્યાં શિક્ષકની સહાય લેશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ ચિત્ર વર્ણનની ચર્ચા
૨) યોગ્ય લેખનની ચર્ચા
૩) ખામીઓ માટે સૂચના

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓમાં ચર્ચાદ્વારા આત્મવિશ્વાસનો વિકાસ
૨) વિદ્યાર્થીઓમાં શ્રવણ, લેખન, કથન અને વાંચન શૈલીનો વિકાસ થવો.
૩) વિદ્યાર્થીઓમાં જીવનમૂલ્યનો વિકાસ.

## સામાન્ય ખામીઓ

૧) વિદ્યાર્થીઓ જીવન કૌશલ્ય અને જીવનમૂલ્યના ભેદને સમજવામાં સમસ્યા ઉદ્દ્ભવે.

## સમસ્યા નિવારણ

૧) શિક્ષક કા.પા. પર જીવન કૌશલ્ય અને જીવન મૂલ્યના ભેદને સમજાવશે.

## અંતઃવિષય દૃષ્ટિકોણ

૧) આ પાઠને વિદ્યાર્થીઓનો જીવનના દરેક તબક્કામાં ખૂબ જરૂરી છે તે વિષયને આવરી લેશે.

## પ્રવૃત્તિ

ગાંધીજીના જીવન વિશે મહત્ત્વની માહિતી મેળવીને કોલાર્જ કાર્ય કરો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ

૧) ગાંધીજીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો? ૨) ગાંધીજીના માતા-પિતાના નામ લખો.

## મધ્યમ વિદ્યાર્થીઓ

૧) ગાંધીજીને 'અહિંસાના પૂજારી' કેમ કહેવાય છે? ૨) 'વિશ્વ અહિંસા દિવસ' ક્યારે અને કેમ ઉજવાય છે?

## ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) ગાંધીજીને રાષ્ટ્રપિતા કેમ કહેવાય છે? ૨) 'જો હું ગાંધી હોઉં તો' ૧૦ વાક્ય લખો.

## ગૃહકાર્ય

૧) તમને ગમતા તમારા રમકડા વિશે ૧૦ વાક્ય તમારી નોંધપોથીમાં લખો.

## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧) ત્રણેય વાંદરામાં કયા કયા ગુણ હતા?

**પ્ર.૨ એક વાક્યમાં જવાબ લખો.**

૧) ગાંધીજીને મળવા કોણ આવ્યું હતું? ૨) સમજુ વાંદરા પાસેથી શું મૂલ્ય મળે છે?

**પ્ર.૩ કહો કોણ?**

૧) મુસાફરી કરનાર - .........................
૨) રમકડાં વેચનાર - .........................
૩) દૂધ વેચનાર - .........................
૪) ભારતના રાષ્ટ્રપિતા - .........................

## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ સમાન અર્થવાળા શબ્દ શોધો**

૧) મિત્ર - ................. ૨) પ્રેમ - .................

૩) વાનર - ................ ૪) ખોટું - ................

**પ્ર.૨ વિરોધી અર્થવાળા શબ્દ લખો**

૧) નિંદા × ................. ૨) જૂઠું × ................

૩) સત્ય × .................

**પ્ર.૩ નીચેના પ્રશ્નોના ઉત્તર આપેલ કોઠામાંથી શોધીને લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| જ | પો | ર | બં | દ | ર |
| ત | મ | સ | મો | શી | પ |
| કૂ | દી | ત | હ | ચ | ની |
| સી | રૂ | ચ | ન | સુ | દી |
| જ | મ | ષી | દા | પ | લં |
| ત | ન | ત | સ | કો | ઠ |
| રી | રા | જ | ઘા | ટ | લા |
| કી | સો | જી | દુ | ચ | ક |
| એ | લો | કી | જ | દાં | ડી |
| ચૂ | ર્થ | જૂ | ત્ય | વિ | ધો |

૧) ગાંધીજીનું નામ લખો.
૨) ગાંધીજીના હાથમાં શું રહેતું હતું ?
૩) બાપુ મીઠાનો ભંગ કરવા ક્યાં ગયા ?
૪) ગાંધીજીનું જન્મસ્થળનું નામ લખો.
૫) ગાંધીજીનું સમાધિ સ્થળ કયા નામથી ઓળખાય છે ?

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) બાપુને તેમના મિત્રએ નિરાળી ભેટ તરીકે માટીથી બનાવેલા ત્રણ વાંદરાનું રમકડું આપ્યું હતું.
૨) ગાંધીજીને ભેટ પાસેથી ત્રણ શીખામણ મળતી હતી માટે ખુશ થયા હતા.
૩) મુસાફર પૂછે છે કે, ‘‘બાળકોનું રમવાનું રમકડું તમે શા માટે તમારા ઓરડામાં મૂક્યું છે?’’
૪) મુસાફર મનોમન નક્કી કરે છે કે, તે પણ જીવનમાં વ્હાલા બાપુના બોલ પાળશે, સાચી સમજ આપનારા સમજુ વાંદરાની જેમ રહેશે.
૫) વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.

**જ.૨ એક વાક્યમાં જવાબ લખો.**

૧) આ પાઠમાં ગાંધીજીના સમજુ વાંદરા રમકડાં પાસેથી જીવનમૂલ્ય મળે છે.
૨) ગાંધીજીને રમકડું ભેટમાં તેમના ચીનના મિત્રએ આપ્યું હતું.
૩) ગાંધીજીએ રમકડું તેમના વાંચનના ઓરડામાં મૂક્યું હતું.

**જ.૩ કહો કોણ ?**

૧) ત્રીજા વાંદરાભાઈ ૨) પહેલા વાંદરાભાઈ ૩) બીજા વાંદરાભાઈ ૪) મુસાફર

**જ.૪ સાચી જોડણી લખો.**

૧) આશ્ચર્ય ૨) નિંદા ૩) દંભી ૪) વિકૃત ૫) સમજુ

**જ.૫ સમાન અર્થવાળા શબ્દ લખો.**

૧) ડાહ્યો   ૨) સદ્‌ગુણી પુત્ર   ૩) પ્રવાસી   ૪) નવાઈ

**જ.૬ વિરોધી અર્થવાળા શબ્દ લખો.**

૧) કપૂત   ૨) અણસમજુ   ૩) ઠોઠ

**જ.૭ કોણ બોલે છે તે લખો.**

૧) ગાંધીજી બોલે છે.   ૨) મુસાફર મનોમન બોલે છે.   ૩) ગાંધીજી બોલે છે.

**કૌંસમાંના શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરો.**

૧) સપ્તરંગી   ૨) મોટો   ૩) ચતુર   ૪) લાલ
૫) કાળો   ૬) જાડો   ૭) લીલો   ૮) વહેતી
૯) લીલુંછમ   ૧૦) રંગબેરંગી   ૧૧) ધોળો

## કાર્યપત્રિકા જવાબ – ૧

**જ.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧) વિદ્યાર્થીઓ સ્વભાષામાં ઉત્તર લખશે.

**જ.૨ એક વાક્યમાં જવાબ લખો.**

૧) ગાંધીજીને મળવા મુસાફર આવ્યો હતો.
૨) સમજુ વાંદરા પાસેથી 'ખોટું ન જુઓ, ખોટું ન સાંભળો, ખોટું ન બોલો' આ મૂલ્ય મળે છે.

**જ.૩ કહો કોણ ?**

૧) મુસાફર   ૨) રમકડાંવાળાં   ૩) દૂધવાળો   ૪) ગાંધીજી

## કાર્યપત્રિકા જવાબ – ૨

**જ.૧ સમાન અર્થવાળા શબ્દ શોધો**

૧) દોસ્ત   ૨) સ્નેહ   ૩) વાંદરો   ૪) જૂઠું

**જ.૨ વિરોધી અર્થવાળા શબ્દ લખો**

૧) પ્રશંસા   ૨) સાચું   ૩) અસત્ય

**જ.૩ નીચેના પ્રશ્નોના ઉત્તર આપેલ કોઠામાંથી શોધીને લખો.**

૧) મોહનદાસ   ૨) લાકડી   ૩) દાંડી   ૪) પોરબંદર
૫) રાજઘાટ

# ૬ જંગલની સફાઈ

## પાઠની રૂપરેખા

**જંગલની સફાઈ**

(૧) સુંદરવન નામના જંગલમાં સહુ પ્રાણીઓ પક્ષીઓ હળીમળીને રહેતા હતા.

(૨) પ્રાણીઓના બાળક જંગલની સફાઈ કરી રહ્યા હતા. આ દશ્ય જંગલના રાજાએ નિહાળ્યુ. તેમને પૂછ્યુ શા માટે તમે જંગલની સફાઈ કરી રહ્યા છો? તેમના જવાબથી રાજા ખુશ થઈ ગયા.

(૩) રાજાએ જંગલના દરેક પ્રાણીઓની સભા બોલાવી. 'નિર્મળ જંગલ પારિતોષિકની સમજણ આપી. જંગલના બધા પ્રાણીઓ જુદી જુદી ટુકડીઓમાં હળી-મળીને કાર્ય કરવા લાગ્યા.

(૪) અધિકારીઓ દ્વારા 'નિર્મળ જંગલનો પારિતોષિક' એનાયત કરવો. રાજા દ્વારા ભવિષ્યના નાગરિકનો આભાર માનવો.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ સ્વચ્છતાના મહત્ત્વને સમજશે.

૨) વિદ્યાર્થીઓ પશુ અને પંખીની વાર્તાઓને સમજશે.

૩) વિદ્યાર્થીઓમાં સહકાર અને એકતાની ભાવનાનો વિકાસ થશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓમાં ચોકસાઈ અને સ્વચ્છતા જેવા ગુણો વિકસશે.

૨) વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ વિષય વસ્તુને સહજતાથી સમજશે.

૩) વિદ્યાર્થીઓની અવલોકનશક્તિનો વિકાસ થશે.

## અભિપ્રેરણા

- શિક્ષક વિદ્યાર્થીઓને બે જુદા જુદા ચિત્રો બતાવશે. ઉ.દા. એક ચિત્ર જેમા સ્વચ્છતા દેખાશે. બીજા ચિત્રમાં ગંદકી દેખાશે. આ બે ચિત્રો વચ્ચેનો તફાવત ચર્ચા કરશે. આમ બાળકોની અવલોકન શક્તિનો વિકાસ થશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) આ અભિપ્રેરણાના ચિત્રચર્ચાના આધારે શિક્ષિકા બાળકોને શાળામાં સફાઈ કરવા માટે લઈ જશે.

૨) સફાઈ દરમ્યાન કઈ કઈ વસ્તુઓની કાળજી લેવી તેની સમજણ આપશે.

૩) સફાઈ દરમ્યાન શિક્ષક વિદ્યાર્થીઓને જુદી જુદી ટુકડીમાં વિભાજિત કરશે.

૪) શિક્ષક વિદ્યાર્થીઓને શાળા સફાઈ માટે એક તાસ આપશે.

૫) બીજા તાસમાં વિદ્યાર્થીઓ સાથે સફાઈ અભિયાનની ચર્ચા કરશે.

૬) શિક્ષિકા ચર્ચાના આધારે જંગલની સફાઈ પાઠની સમજણ આપશે. આમ સમજણના આધારે પાઠના મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરશે.

૭) આમ વિદ્યાર્થીઓ સફાઈ અભિયાન દ્વારા સ્વઅનુભવથી પાઠને સરળતાથી સમજી શકશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ ચિત્રની ચર્ચા ૨) ઉત્તમ સફાઈ ટુકડીની ચર્ચા ૩) સ્વઅનુભવની રજૂઆત

## મૂલ્યાંકન બિંદુ

૧) બાળકોનો આત્મવિશ્વાસ ૨) ભાષા - અભિવ્યક્તિનો વિકાસ

૩) વિદ્યાર્થીઓને આંતરિક શક્તિનો વિકાસ

## સામાન્ય ત્રૂટીઓ

૧) સફાઈ અભિયાન કરતી વખતે અમુક વિદ્યાર્થીઓ શરમ અને સંકોચ અનુભવે.

## ખામીઓનું નિવારણ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને તેમની પાસે બોલાવીને પ્રેમપૂર્વક પ્રવૃત્તિનું મહત્ત્વ સમજાવશે.

## પ્રવૃત્તિ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને 'સ્વચ્છ શાળાનું' ચિત્ર નોંધપોથીમાં બનાવવા કહેશે.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ

૧) સ્વચ્છતા એટલે શું? ૨) તમે કઈ કઈ સ્વચ્છતા પ્રવૃત્તિઓ કરી છે?

## મધ્યમ વિદ્યાર્થીઓ

૧) આ પાઠમાંથી તમે શું શીખ્યા? તે લખો. ૨) ભારતમાં સૌપ્રથમ સ્વચ્છતાની પહેલ કોણે અને ક્યારે કરી?

## ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) તમારી શાળા ''સ્વચ્છતાનો પુરસ્કાર'' માં સહભાગી થાય, તો તમે કેવા પ્રયત્ન કરશો?

## ગૃહકાર્ય

- પાંચ જુદા જુદા પ્રાણીઓના મોહરા બનાવી તે વિશે તમારી નોંધપોથીમાં લખો.

## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧** ૧) જંગલ સફાઈ અભિયાનમાં જંગલના પ્રાણીએ કેવી રીતે સફાઈ અભિયાન કર્યું ?

૨) રમણીક રીંછ શા માટે અચંબો પામી ગયા ?

**પ્ર.૨ નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો.**

૧) રાજાના દિલમાં બાળકોની કઈ વાત સ્પર્શી ગઈ ? ૨) જંગલવાસીઓએ ક્યો સંકલ્પ કર્યો હતો ?

**પ્ર.૩ સમાનાર્થી શબ્દની શોધખોળ**

૧) હાથ - ........... ૨) સંકલ્પ - ........... ૩) આંખો - ............

૪) વૃદ્ધ - ........... ૫) ટૂકડી - ........... ૬) નિર્મળ - ............

૭) ઘોષણા - ...........

## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ શબ્દના અંતે 'ઈ' આવે તેવા પાંચ શબ્દો લખો. ઉ.દા. સફાઈ**

૧) ........... ૨) ........... ૩) ........... ૪) ............ ૫) ............

**પ્ર.૨ નીચેના શબ્દમાંથી વિશેષણ શોધીને લખો.**

૧) હોશિયાર વિદ્યાર્થી ૨) ફળદ્રુપ જમીન ૩) ખારો દરિયો ૪) મહેનતું બાળક ૫) સ્વાર્થી મિત્ર

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) જંગલમાં પ્રાણીઓનાં બચ્ચાં તેમના નાના હાથથી જંગલની સફાઈ કરી રહ્યા હતા.

૨) સમીર સિંહે બપોરે ગર્જના કરી કારણ કે સમીર સિંહને બાળકોને સ્વચ્છતા વિશેની વાત ખૂબ સ્પર્શી, તેનું જંગલમાં અમલ કરવા માટે જંગલના પ્રાણીઓને ગર્જના કરીને બોલાવ્યા.

૩) સમીર રાજાએ અંતે જંગલના ભવિષ્યના નાગરિકોનો આભાર માન્યો કારણ કે નિર્મળ જંગલનું ઈનામ પ્રાણીઓના બચ્ચાની મહેનતના કારણે મળ્યું હતું.

૪) આ પાઠમાંથી અમને હળી મળીને કાર્ય કરવું અને પર્યાવરણ પ્રત્યે જાગૃતતા રાખવી એ મૂલ્ય મળે છે.

**જ.૨ નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો.**

૧) ઝાડની નીચે રાજા સમીર સિંહ આરામ કરી રહ્યા હતા.

૨) આ પાઠમાં સુંદરવન જંગલની વાત કરવામાં આવી છે.

૩) સ્વચ્છતા અભિયાન માટે સલુ સરકારે ૨૦ હજાર વૃક્ષોનું ઇનામ અને નિર્મળ જંગલનું પારિતોષિક જાહેર કર્યું હતું.

૪) સરકારના અધિકારીઓ જંગલમાં શિક્ષક હસુ હાથી સાથે ફરવા નીકળ્યા હતા.

**જ.૩ સમાનાર્થી શબ્દ લખો.**

૧) વન, અરણ્ય ૨) નૃપ, નામદાર ૩) વૃક્ષ, તરુ
૪) સ્નેહ ૫) મજૂર ૬) ઈનામ

**જ.૪ વિરોધી શબ્દ લખો.**

૧) નફરત ૨) ગંદું ૩) મોટા
૪) બંધ કરવું ૫) અસહકાર ૬) રાત

**જ.૫ સાચી જોડણી લખો.**

૧) પારિતોષિક ૨) અધિકારી ૩) અભિયાન ૪) નિર્મળ ૫) ટુકડી

**જ.૫ 'દાર'ની જમાત પૂરી કરો.**

૧) ચોકીદાર ૨) જમીનદાર ૩) થાણેદાર ૪) અરજદાર ૫) વારસદાર
૬) કામદાર ૭) જમાદાર ૮) સરદાર

**જ.૬ કોણ બોલે છે તે લખો.**

૧) સમીર સિંહ ૨) મદન મદનિયું ૩) રમણીક સિંહ ૪) સમીર સિંહ

**જ.૭ કૌંસમાંના શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરો.**

૧) જાડું ૨) ઊંચું ૩) લીલાછમ ૪) ચોખ્ખું ૫) પીળો
૬) વાંકીચૂકી ૭) ગરમ ૮) ચોખ્ખો ૯) હોંશિયાર

## કાર્યપત્રિકા જવાબ - ૧

**જ.૧** ૧) રાજાએ દરેકે પ્રાણીઓને ટૂકડીઓમાં વહેંચણી કરી. દરેક ટૂકડીઓએ પોતપોતાનો વિભાગ સ્વચ્છ રાખવાની તકેદારી લીધી.

૨) રમણીક રીંછ જંગલની ચોખ્ખાઈ અને સ્વચ્છતા જોઈ અચંબો પામી ગયા.

**જ.૨ નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો.**

૧) રાજાના દિલમાં બાળકોની સ્વચ્છતા પ્રત્યેની પહેલની વાત સ્પર્શી ગઈ.

૨) જંગલવાસીઓએ જંગલ સ્વચ્છતાનો સંકલ્પ કર્યો હતો.

**જ.૩ સમાનાર્થી શબ્દની શોધખોળ**

૧) કર ૨) નીમ ૩) નયન ૪) ઘરડો
૫) ટોળી ૬) સ્વચ્છ ૭) જાહેરાત

## કાર્યપત્રિકા જવાબ - ૨

**જ.૧ શબ્દના અંતે 'ઈ' આવે તેવા પાંચ શબ્દો લખો. ઉ.દા. સફાઈ**

૧) મીઠાઈ ૨) વેવાઈ ૩) જમાઈ ૪) ચોખ્ખાઈ ૫) સહેલાઈ

**જ.૨ નીચેના શબ્દમાંથી વિશેષણ શોધીને લખો.**

૧) હોશિયાર ૨) ફળદ્રુપ ૩) ખારો ૪) મહેનતું ૫) સ્વાર્થી

# ૭ લીમડો

## કાવ્યની રૂપરેખા

**લીમડો**

(૧) લીમડો કડવો છે પણ એના ગુણ ખૂબ જ મીઠા છે.

(૨) લીમડાના પાંદડા, ડાળી, મૂળમાં ભરી છે. કડવાશ પણ એના ફળમાં મીઠાશ ક્યાંથી આવે છે? તે વાત કરી છે.

(૩) લીમડાંના છાંયડે બેસીને મુસાફરો આરામ કરે છે. દરેક જીવોને લીમડો શુદ્ધ હવા આપે છે.

(૪) વરસાદ લાવવામાં લીમડાનું ઝાડ ખૂબ મદદ કરે છે. તેનો ઉપકાર માનવો જોઈએ કારણ કે તે અનેક રોગો મટાડે છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ વૃક્ષોની ઉપયોગીતાને સમજશે. ૨) વિદ્યાર્થીઓ વૃક્ષોના પાન અને ફળની ઉપયોગીતાને સમજશે.
૩) વિદ્યાર્થીઓ વૃક્ષના વિવિધ અંગોની સમજણ મેળવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ ગાન શક્તિનો વિકાસ કરશે.
૨) જૂથમાં અને વ્યક્તિગત રીતે હાવભાવ અને અભિનય સાથે કવિતાનું મુખપાઠ કરશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને વડના ઝાડના અલગ અલગ ભાગોવાળુ ચિત્ર બતાવશે. તેના નામ લખવા કહેશે. આમ વિદ્યાર્થીઓ સમસ્યા - ઉકેલથી કોઠાસૂઝ પ્રાપ્ત થાય છે.

## શિક્ષણ પ્રવૃત્તિ

### પ્રશ્નો

૧) શિક્ષક વિદ્યાર્થીઓને અલગ અલગ વૃક્ષોના પાન અને ફળ બતાવશે, તેના આધારિત પ્રશ્ન પૂછશે અથવા વિદ્યાર્થીઓને શિક્ષક શાળાના બાગમાં લઈ જશે. વિવિધ પાન અને ફળ બતાવશે.
ઉ.દા. ૧) આસોપાલવના પાનનો ઉપયોગ
૨) આંબાના પાનનો ઉપયોગ
૩) કેળાના પાનનો ઉપયોગ
૨) વિદ્યાર્થીઓ આમ પાનની મદદથી વૃક્ષની ઉપયોગીતાને સમજશે.
૩) શિક્ષક લીમડાના વૃક્ષ કે પાનને બતાવશે, વિદ્યાર્થીઓને વિવિધ પ્રશ્નો પૂછશે.

૧)    તમે કયાં કયાં ઝાડ જોયાં છે?
૨)    ઝાડનો કયો ભાગ લીલોછમ હોય છે?

૪) જમીનની અંદર ઝાડનો કયો ભાગ હોય છે?

૫) લીંબોડીને શું કહેવાય?

૬) થડમાંથી જુદા પડતા ફાંટાઓને શું કહેવાય?

આવા વિવિધ પ્રશ્નો પૂછવા

- શિક્ષક વિદ્યાર્થીઓને આમ પ્રશ્નો પૂછીને આડકતરી રીતે કાવ્યની સમજણ આપશે.
- વિદ્યાર્થીઓ અનુભવ અને અવલોકન દ્વારા કાવ્યની સમજણ મેળવશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ જવાબની પ્રશંસા

૨) ઉત્તમ ચિત્રવર્ણનની પ્રશંસા

૩) જરૂર પડે ત્યાં સૂચના અને ઉપાય આપવા.

## મૂલ્યાંકનના બિંદુ

૧) ચિત્રના આધારે શિક્ષકની મદદથી વર્ણનાત્મક વાક્યોનું મૂલ્યાંકન

૨) વનસ્પતિના ભાગોને ઓળખશે.

## સામાન્ય ત્રુટીઓ

૧) શબ્દોનું શ્રુતલેખનમાં અને વાક્યોનું અનુલેખનમાં સમસ્યા ઉદ્‌ભવે છે.

## સમસ્યા નિવારણ

- શિક્ષક શબ્દ અને વાક્યને વર્ગના સોફબોર્ડ પર લગાવશે. જેના આધારે વિદ્યાર્થીઓ વાંચન કરશે.

## પ્રવૃત્તિ

૧) વૃક્ષો, ફૂલો, ફળો વગેરેનો ચિત્રસંગ્રહ તમારી નોંધપોથીમાં કરો.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

- આ કાવ્યને વિજ્ઞાન અને ઈતિહાસ ભૂગોળ જેવા વિષય સાથે સાંકળીને વધુ માહિતી સ્પષ્ટ કરવી.

## રચનાત્મક કાર્ય

## સામાન્ય વિદ્યાર્થીઓ

૧) વનસ્પતિ એટલે શું?

૨) આપણે વનસ્પતિને શું આપીએ છીએ?

## મધ્યમ વિદ્યાર્થીઓ

૧) કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દમાં લખો.

૨) લાકડાના ઉપયોગ લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) 'કડવો લીમડો ને ગુણ મીઠા' તમારા શબ્દમાં લખો.

૨) વૃક્ષની ઉપયોગીતા લખો.

## ગૃહકાર્ય

૧) તમને ગમતા વૃક્ષના ચિત્રમાં કોલાર્જ વર્ક કરો.

## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧ સમાનાર્થી લખો**

૧) જીવ - ................ ૨) વરસાદ - ................ ૩) છાંયે - ................

**પ્ર.૨ નીચે આપેલા પાનને ઓળખી તેના બે-બે ઉપયોગ લખો.**

(૧)



(૨)





(૩)





## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ નીચે પ્રાણીઓના ચિત્ર આપેલા છે. તેમાં અંગૂઠાની છાપથી રંગ પૂરો.**









## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

૧) લીમડાના ઝાડમાં પાંદડા, ડાળી અને મૂળમાં કડવાશ ભરી છે.

૨) લીમડામાં મીઠાશ લીંબોળીમાં ભરી છે.

૩) લીમડા પાસેથી આપણને વાયુ મળે છે.

૪) લીમડો અનેક રોગોને દૂર ભગાડે છે માટે એનો પાડ માનવો જોઈએ.

**જ.૨ લીમડા વિશે પાંચ વાક્ય લખો.**

(૧) લીમડો એ ઝડપી વિકાસ પામતુ વૃક્ષ છે જે સદાય લીલું હોય છે.
(૨) લીમડાના વૃક્ષના તમામ ભાગનો ઉપયોગ ઘણી વિવિધ તબીબી દવાઓ તૈયાર કરવામાં આવે છે.
(૩) લીમડાના પાંદડાનું આવરણ અછબડા અને ઓરીની સારવાર માટે અસરકારક છે.
(૪) લીમડામાં ઔષધીય ગુણો છે.
(૫) લીમડાના પાન, લીંબોડી, છાલ અને લીંબોડીનું તેલ ત્વચા, નખ, માથાની ચામડી, દાંત અને પેઢા માટે આરોગ્યવર્ધક નિવડ્યા છે.

**જ.૩ સમાનાર્થી લખો.**

૧) પવન ૨) પાન ૩) સહાય ૪) ઉપકાર

**જ.૪ નીચે આપેલા વિરોધી શબ્દ કાવ્યમાંથી શોધીને લખો.**

૧) મીઠા ૨) ઠંડા ૩) પાસે ૪) છાંયો

**જ.૫ કાવ્યમાં લીમડા માટે વપરાયેલા વિશેષણો શોધીને લખો.**

૧) કડવા/કડવાશ ૨) મીઠા/મીઠાશ ૩) ઠંડા ૪) છાંયે

**જ.૬ વિચારીને કહો.**

૧) ધાણા ૨) મહેંદી ૩) તુલસી ૪) આસોપાલવ/આંબો ૫) લીમડો

## કાર્યપત્રિકા જવાબ - ૧

**જ.૧ સમાનાર્થી શબ્દ**

૧) જીવન ૨) વર્ષા ૩) છાંયડો

**જ.૨ નીચે આપેલા પાનને ઓળખી તેના બે-બે ઉપયોગ લખો.**

૧) આ આંબાનું પાન છે. આંબાના પાનનો ઉપયોગ પૂજામાં થાય છે.
મધુપ્રમેહના ઈલાજમાં પણ આંબાના પાનનો ઉપયોગ થાય છે.
૨) આ નાળિયેરીનું પાન છે. નાળિયેરીના પાનનો ઉપયોગ વસ્તુઓ શણગારમાં થાય છે.
૩) આ કેળનું પાન છે. આ પાનનો ઉપયોગ જમતી વખતે કરવામાં આવે છે. સત્યનારાયણની પૂજામાં થાય છે.

# ૮ રંગસ્વામીના પુત્રો

## પાઠની રૂપરેખા

**રંગસ્વામીના પુત્રો**

↓

**રંગોના દિકરાઓ**

(૧) રંગપુરના રાજા રંગસ્વામીના સાત દીકરાઓ હતા.

(૨) સાત દીકરાઓમાં રંગોના સ્વામી માટે વિવાદ થવો.

(૩) રંગસ્વામી દ્વારા સમજણ આપવી કે, તમે તમારા રંગના સ્વામી છો, તમારા બધાની એકતા અને રંગોની શક્તિના કારણે મેઘધનુષ નામથી ઓળખાય છે.

(૪) આમ રંગસ્વામીની સમજણથી સાત દીકરાઓ એકબીજાનો હાથ પકડી વિવાદ સામે માફી માંગે છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) શિક્ષક વિદ્યાર્થીઓમાં પાઠના આધારે સહભાગીદારી, સમાનતા અને નેતૃત્વ વગેરે ગુણો વિકસશે.

૨) વિદ્યાર્થીઓ એકતાની તાકાત સમજશે.

૩) વિદ્યાર્થીઓ મેઘધનુષની રચનાને સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓની ભાષા - અભિવ્યક્તિનો વિકાસ થશે.

૨) વિદ્યાર્થીઓમાં નાટ્ય દ્વારા કુદરતી અનુકરણ અને અભિનયની વૃત્તિઓનો વિકાસ થશે.

૩) વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન, શ્રવણ અને કથન કૌશલ્યનો વિકાસ થશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક બાળકને youtube પર મેઘધનુષની રચના વિષયનો વીડિયો બતાવશે.

૨) શિક્ષક બાળકને 'ખેડૂત અને ચાર પુત્રોની' વાર્તા દ્વારા તેમની કલ્પના શક્તિનો વિકાસ કરશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

### નાટ્ય

૧) શિક્ષક સૌ પ્રથમ પાઠનું વાર્તા સ્વરૂપે કથન કરીને સંભળાવશે.

૨) શિક્ષક કથન પછી વિદ્યાર્થીઓની ઉદ્‌ભવતી સમસ્યાનું નિવારણ કરશે. જરૂર પડે ત્યાં સહાય કરશે.

૩) શિક્ષક વિદ્યાર્થીઓને જુદા જુદા ચાર સમૂહમાં વિભાજિત કરી નાટ્ય કરવા માટે કહેશે.

૪) શિક્ષક વિદ્યાર્થીઓને સ્ક્રિપ્ટ લખવા માટે ભાર આપશે નહી. માત્ર બાળકો પોતાની સ્મરણ શક્તિથી સંવાદો બોલશે.

૫) શિક્ષક વિદ્યાર્થીઓને નાટ્યની રજૂઆત માટે યોગ્ય સમય આપશે. આમ વિદ્યાર્થીઓ નાટ્યની મદદથી સ્વ-અધ્યયન દ્વારા પાઠની સમજણ મેળવશે.

૬)	જરૂર પડે ત્યાં શિક્ષિક માર્ગદર્શકની ભૂમિકા ભજવશે.

## પ્રતિભાવ (Feedback)

૧)	નાટ્યની રજૂઆતની પ્રશંસા
૨)	વાર્તા ચર્ચાની પ્રશંસા
૩)	વિદ્યાર્થીઓ ઉદ્ભવતી સમસ્યાનું નિવારણ

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧)	વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ
૨)	વિદ્યાર્થીઓની આંતરિક શક્તિનો વિકાસ
૩)	વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય ઘડતર

## અંતઃવિષય દષ્ટિકોણ

૧)	આ પાઠના આધારે વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણનો વિકાસ કરવો મેઘધનુષની રચનાની ચર્ચા ઊંડાણથી કરી શકાશે.

## પ્રવૃત્તિ

૧)	તમને ગમતા કોઈપણ એક રંગના જુદા જુદા ચિત્રો ભેગા કરો.

## રચનાત્મક કાર્ય

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧)	મેઘધનુષ એટલે શું?
૨)	મેઘધનુષના ક્રમઅનુસાર રંગ લખો.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧)	કોઈપણ પાંચ રંગોમાંથી બીજા બનતા રંગો વિશે ગુજરાતી ભાષામાં લખો.
૨)	‘ચતુર બીરબલ’ની કળના ઉપયોગવાળી વાર્તા લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે


૧)	આ વાર્તામાં તમે ‘રંગસ્વામી હોઉં તો’ તમે તમારા પુત્રને કેવી રીતે સમજણ આપશો તે લખો.

## ગૃહકાર્ય

૧)	મેઘધનુષની રચનાની માહિતી મેળવી તમારી નોંધપોથીમાં લખો.

## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧	રંગસ્વામીના સાત દીકરાઓએ પોતાનો પરિચય આપતા કઈ વિશિષ્ટતા કહી તે નીચેના ગોળમાં લખો.**



૨) તમને ગમતા કોઈપણ એક રંગની વિશિષ્ટતા લખો.
૩) રંગસ્વામીના દીકરાઓએ માફી શા માટે માંગી?

**પ્ર.૨ એક વાક્યમાં જવાબ લખો.**

૧) પુષ્પથી સજાવેલા સ્વામી કોણ છે?
૨) ગુમાનથી કોણ બોલે છે?

## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ સમાનાર્થી શબ્દો લખો.**

૧) પુષ્પ - .......................... ૨) મુગટ - ..........................
૩) મોર - .......................... ૪) ઉત્તમ - ..........................
૫) નદી - ..........................

**પ્ર.૨ વિરોધી શબ્દો લખો.**

૧) સંપ - .......................... ૨) ઉપયોગ - ..........................
૩) સમજુ - .......................... ૪) ધીરે - ..........................

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) પહેલો દીકરો - લાલસ્વામી, બીજો દીકરો - કેસરીનંદન, ત્રીજો દીકરો - પીળો સ્વામી, ચોથો દીકરો - લીલોસ્વામી, પાંચમો દીકરો - ગુલાબીસ્વામી, છઠ્ઠો દીકરો - જાંબલી નંદન, સાતમો દીકરો - વાદળી નંદન
૨) હું રંગનો સ્વામી છું અને હું ઉત્તમ છું તે વિશે દીકરાઓ વચ્ચે વિવાદ હતો.
૩) 'શેનો વિવાદ ચાલી રહ્યો છે? તમારા સાત ભાઈઓ વચ્ચે.' એમ રંગસ્વામીએ દીકરાઓને શાંત પાડતા પૂછ્યું.
૪) રંગસ્વામીએ બાળકોને સમજાવતા કહ્યું, 'તમારી બધાની એકતા અને રંગોની શક્તિના કારણે જ તમે મેઘધનુષના નામથી ઓળખાવ છો. શું તમને તમારું વિવાદ કરવું યોગ્ય લાગે છે?'
૫) આ પાઠમાંથી અમને એકતા અને સંપથી રહેવું જોઈએ એ બોધ મળે છે.

**જ.૨ એક વાક્યમાં જવાબ લખો.**

૧) રંગપુરના રાજાનું નામ રંગસ્વામી હતું. ૨) રંગપુરના રાજાને સાત દીકરા હતા.
૩) રંગપુરના રાજાએ પુત્રોને પોતાનો પરિચય આપવા કહ્યું.
૪) રંગસ્વામીના સાત દીકરા સાથે ઊભા રહે ત્યારે મેઘધનુષ દેખાય છે.

**જ.૩ નીચે આપેલ રંગ ઓળખી તેના નામ લખો.**

૧) લાલ ૨) વાદળી ૩) લીલો ૪) જાંબલી
૫) નીલો ૬) કેસરી ૭) પીળો

**જ.૪ કહો કોણ ?**

૧) રંગસ્વામી ૨) લીલાસ્વામી ૩) ગુલાબીસ્વામી ૪) પીળોસ્વામી ૫) મેઘધનુષ

**જ.૫ કોણ બોલે છે તે લખો.**

૧) રંગસ્વામી ૨) કેસરીનંદન ૩) લીલોસ્વામી
૪) વાદળીનંદન ૫) લાલસ્વામી ૬) ગુલાબીસ્વામી

**જ.૬ સમાનાર્થી શબ્દો લખો.**

૧) દીકરો ૨) ઈન્દ્રધનુષ ૩) સદ્‌ગુણી ૪) કજિયો

**જ.૭ વિરોધી શબ્દ લખો.**

૧) અશક્તિ ૨) મૂર્ખ ૩) અશાંત ૪) અંધકાર

**જ.૮ સાચી જોડણી લખો.**

૧) સ્વામી ૨) દીકરા ૩) મેઘધનુષ ૪) છક્કો ૫) વિવાદ ૬) સંવાદ

## કાર્યપત્રિકા જવાબ - ૧

**જ.૧ રંગસ્વામીના સાત દીકરાઓએ પોતાનો પરિચય આપતા કઈ વિશિષ્ટતા કહી તે નીચેના ગોળમાં લખો.**

લાલસ્વામી: સફરજન, દાડમ, તરબૂચ અને ટમેટામાં લાલ રંગ છે.

કેસરીનંદન: ગાજર, સંતરા, ચેવડો અને ઘઉંમાં એમનું નામ છે. હનુમાન દાદા એમના રંગથી રંગાયેલા છે.

પીળોસ્વામી: સૃષ્ટિના ફળો અને ફૂલોમાં પીળો રંગ છે. પીળા રંગથી પ્રકાશ સૂર્યનારાયણ પાથરે છે.

લીલોસ્વામી: પૃથ્વી પર જ્યાં નજર જશે ત્યાં લીલા રંગની હરિયાળી દેખાશે.

ગુલાબીસ્વામી: મોર, કમળ, ફૂલો અને નદી, તળાવ અને સરોવર ગુલાબી રંગથી છવાયેલાં છે.

જાંબલીનંદન: જાંબું, દ્રાક્ષ અને રીંગણ જાંબલી રંગથી છવાયેલા છે.

વાદળીનંદન: સમગ્ર આભમાં વાદળીરંગનું સામ્રાજ્ય ફેલાયેલું છે.

૨) વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.

૩) રંગસ્વામીના દીકરાઓને એમની એકતા અને શક્તિની સમજણ થતાં એમણે રંગસ્વામી સામે વિવાદ બદલ માફી માંગી.

**જ.૨ એક વાક્યમાં જવાબ લખો.**

૧) પુષ્પથી સજાવેલો પીળોસ્વામી છે.

૨) ગુમાનથી મયૂરપંખથી શણગારેલો ગુલાબીસ્વામી બોલે છે.

## કાર્યપત્રિકા જવાબ - ૨

**જ.૧ સમાનાર્થી શબ્દો લખો.**

૧) ફૂલ ૨) સિરતાજ / મુકુટ ૩) મયૂર ૪) શ્રેષ્ઠ ૫) સરિતા

**જ.૨ વિરોધી શબ્દો લખો.**

૧) કુસંપ ૨) નિરુપયોગ ૩) અણસમજુ ૪) ઉતાવળ

# ૯ ખંતીલી ખેવનાની તાકાત

## પાઠની રૂપરેખા

**ખંતીલી ખેવનાની તાકાત**

(૧) કદપુરનાં વનમાં પ્રાણી, પંખી અને જંતુઓના બાળકોને શાળામાં વૅકેશન હોવાને કારણે જંગલના ઉપવનમાં બધા બાળકો સાંજે રમતા હતા.

(૨) અમુક બાળકો શિસ્તના આગ્રહી હતા. જ્યારે અમુક બાળકો ખૂબ તોફાની હતા.

(૩) સિંહનું બચ્ચું ચીકુ બધાને ઉપવનમાં ખૂબ હેરાન કરતો હતો. ખાસ કરીને કીડીઓને ખૂબ હેરાન કરતો હતો.

(૪) એક દિવસ ચીકુને ખેવના પડકાર આપે છે. ચીકુ તેની મજાક ઊડાવે છે. પણ તેના પડકારમાં ચીકુ હારી જાય છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ સૃષ્ટિના દરેક જીવો ખૂબ ઉપયોગી છે. તે વિશેનું જ્ઞાન મેળવશે.
૨) વિદ્યાર્થીઓ પાઠના આધારે સાહસિકતા અને આત્મવિશ્વાસ જેવા ગુણોનો પરિચય મેળવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓમાં સંઘભાવના, બંધુત્વ અને નિયમપાલન જેવા ગુણોનો વિકાસ થશે.
૨) વિદ્યાર્થીઓની ભાષાકીય અભિવ્યક્તિનો વિકાસ થશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને ‘કીડી અને હાથી’ અને ‘સિંહ અને ઉંદર’ જેવી વાર્તાનું કથન કરીને વિદ્યાર્થીઓને કદથી નાનું પ્રાણી પણ ઉપયોગી છે તેની સમજણ મેળવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

### પ્રશ્નો

૧) કદનું શું મહત્ત્વ હોય છે?
૨) શા માટે કદથી નાનું પ્રાણી પણ ઉપયોગી છે?
૩) કીડીને શા માટે ખંતીલી કહેવાય છે?

- શિક્ષક વિદ્યાર્થીઓને ઉપરના જેવા વિવિધ પ્રશ્નો પૂછીને પાઠનું બંધારણ બાંધશે.
- શિક્ષક વિદ્યાર્થીઓને જુદા જુદા ચાર સમૂહમાં વિભાજિત કરશે.
- શિક્ષક વિદ્યાર્થીઓને પાઠના જુદા જુદા અંશો આપશે. વિદ્યાર્થીઓને તે અંશોને વાંચીને રજૂઆત કરવા કહશે.
- આમ વિદ્યાર્થીઓ સ્વઅધ્યનની મદદથી પાઠની સમજૂતી સમજશે. જરૂર પડે ત્યાં શિક્ષક માર્ગદર્શન આપશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ જવાબની ચર્ચા ૨) ઉત્તમ અંશની રજૂઆત ૩) ઉત્તમ સ્વઅધ્યનની પ્રશંસા

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનું જૂથકાર્ય ૨) વિદ્યાર્થીઓની ભાષાકીય ક્ષમતા ૩) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ

## અંતઃવિષય દષ્ટિકોણ

૧) આ પાઠને શિક્ષક જીવનકૌશલ્ય (life skill) જેવા વિષયો સાથે સાંકળીને તેને વધુ ઊંડાણથી સમજણ આપી શકાય છે.

## પ્રવૃત્તિ

૧) તમને ગમતા પ્રાણી કે પશુનું ચિત્ર બનાવી તે વિશે ૧૦ વાક્ય તમારી નોંધપોથીમાં લખો.

## રચનાત્મક કાર્ય

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) તાકાત એટલે શું? ૨) તમે કોઈ કાર્ય તાકાતથી કર્યું છે?

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) કળ અને બળ વચ્ચે શું ફરક છે? ૨) ચતુર બીરબલની કળના ઉપયોગવાળી વાર્તા લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) આ વાર્તાને તમારા શબ્દમાં લખો. ૨) વાર્તામાંથી વિશેષણ શોધીને લખો.

## ગૃહકાર્ય

૧) કોઈપણ પાંચ વિદેશી પક્ષી કે પ્રાણીના નામ લખો. તેના ચિત્ર તમારી નોંધપોથીમાં લખો.

## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) ચીકુને ચક્કર કેમ આવવા લાગ્યા? ૨) આ પાઠમાંથી શું બોધ મળે છે?

**પ્ર.૨ જવાબની શોધખોળ**

૧) ચીકુ કીડીઓને કેવી રીતે હેરાન કરતો હતો? ૨) ખેવના અને રેવના ક્યાં બેસીને રમી રહ્યા હતા?
૩) ચીકુનો સી-સો જમીન પર કેમ રહી ગયો?

**પ્ર.૩ સમાનાર્થી શબ્દો લખો.**

૧) ગુસ્સો - .......................... ૨) તાકાત - ..........................
૩) મોજીલા - .......................... ૪) જમીન - ..........................

**પ્ર.૪ વિરોધી શબ્દો લખો.**

૧) ભારે - .......................... ૨) બેસવું - ..........................
૩) જમીન - ..........................

## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ નીચે આપેલા શબ્દની મદદથી સિંહ વિશે આઠથી દસ વાક્યો લખો.**

(જંગલી પ્રાણી, કેસરી, કેશવાળી, અણીદાર અને મજબૂત દાંત, ગૂફામાં, જંગલનો રાજા, ગર્જના)

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) બાળકો ઉપવનમાં શાળામાં વૅકેશન હોવાના કારણે રમતા હતા.

૨) ઉપવનમાં પતંગિયા હીંચકા પર, ચકલીઓ અને કોયલ ગીતો ગાઈને, મદનિયું, ખોલકું, ગલુડિયું, લપસણી પર બેસીને, કાગડો, કબૂતર મહેલ બનાવીને અને કીડી, મંકોડા, ઈયળ અને તીડીયા સી-સો પર બેસીને રમતા હતા.

૩) બાળકોને ઉપવનમાં તોફાની ટોળકી હેરાન કરતી હતી. જેનો મુખિયો સિંહનું બચ્ચું ચીકુ હતો. જેને કોઈને કોઈને હેરાન કરવાની મઝા આવતી હતી.

૪) ખેવના ચીકુ પર ચીડતી હતી કારણ કે ચીકુ કીડીબેનને ફૂંક મારીને ઊડાડતો હતો.

૫) ખેવનાએ મનોમન ચીકુ સિંહના બચ્ચાને પાઠ ભણાવવાનું નક્કી કર્યું.

૬) ખેવનાએ ચીકુને સી-સો પર સામે બેસીને ખેવનાને ચીકુની તાકાતથી નીચે કરવાનો પડકાર આપ્યો હતો.

**જ.૨ જવાબની શોધખોળ.**

૧) ફોટો કાગડો, કબૂતર અને મોર પાડી રહ્યા હતા.

૨) મધુર ગીત ચકલી અને કોયલનું ટોળું બેસીને ગાતા હતા.

૩) કીડીબાઈ અને મંકોડાભાઈ શિસ્તના આગ્રહી હતા.

૪) ઉપવનમાં તોફાની ટોળકી ફરતી હતી.

૫) વધારે પડતી હોશિયારી નુકસાન કરતાં છે.

૬) વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.

**જ.૩ ખેવના કીડીનો 'પાત્ર-પરિચય'**

૧) ખેવના કીડી ખૂબ હોશિયાર અને ચતુર હતી. ૨) ખેવના ચીકુથી ખૂબ ચીડાતી હતી.

૩) ખેવનાએ ચીકુને પડકાર આપ્યો હતો. ૪) ખેવનાએ ચીકુને પાઠ ભણાવ્યો હતો.

૫) ખેવનાએ બુદ્ધિથી ચીકુને સી-સો પર નીચે રાખ્યો હતો.

**જ.૪ સમાનાર્થી શબ્દ લખો.**

૧) ઉપવન ૨) પશુ ૩) અરણ્ય ૪) વિહંગ ૫) આચરણ

**જ.૫ કહો કોણ ?**

૧) પતંગિયા ૨) સિંહ ૩) કીડી ૪) કબૂતર, કાગડો અને મોર

૫) ખોલકું, મદનિયું અને ગલુડિયું

**જ.૬ વિરોધી શબ્દ લખો.**

૧) સવાર ૨) શોક ૩) શાંત ૪) પાસે ૫) ઉપર

**જ.૭ સાચી જોડણી લખો.**

૧) શિસ્ત ૨) આગ્રહી ૩) પતંગિયા ૪) મોજીલા ૫) કીડી ૬) મદનિયું

**જ.૮ નીચેના પ્રાણીઓ ઓળખી નીચેના કોઠામાં તેમના વિશેની માહિતી લખો.**

| | | |
|---|---|---|
| ૧) | રાખોડી કે સફેદ | ચાંચ નાની |
| ૨) | લીલો | વાંકી ચાંચ અણીદાર |
| ૩) | ભૂરો | પીછાં રંગબેરંગી |
| ૪) | કેસરી | દાંત અણીદાર |
| ૫) | પીળો કાળા પટ્ટા | દાંત તીક્ષ્ણ |

## કાર્યપત્રિકા જવાબ – ૧

**જ.૧ પ્રશ્નોના ઉત્તર લખો**

૧) ચીકુને ખેવનાની તાકાત જોઈને ચક્કર આવવા લાગ્યા.

૨) આપણે કોઈને પણ આપણાથી નીચા કે અસમર્થ સમજવા નહીં.

**જ.૨ જવાબની શોધખોળ**

૧) ચીકુ કીડીઓને ફૂંક મારીને હેરાન કરતો હતો. ૨) ખેવના અને રેવના સી.સો પર બેસીને રમી રહ્યા હતા.

૩) ચીકુનો સી-સો જમીન પર તેના વજનના લીધે રહી ગયો.

**જ.૩ સમાનાર્થી શબ્દો લખો.**

૧) રોષ ૨) બળ ૩) લહેરી ૪) ભૂમિ

**જ.૪ વિરોધી શબ્દો લખો.**

૧) હલકું ૨) ઊભું ૩) આકાશ

## કાર્યપત્રિકા જવાબ – ૨

**જ.૧ નીચે આપેલા શબ્દની મદદથી સિંહ વિશે આઠ થી દસ વાક્યો લખો.**

૧) સિંહ જંગલી પ્રાણી છે.

૨) સિંહનો રંગ કેસરી હોય છે.

૩) તેની ડોક પર વાળ હોય છે. તેને 'કેશવાળી' કહે છે. સિંહણને કેશવાળી હોતી નથી.

૪) સિંહણને અણીદાર અને મજબૂત દાંત તેમજ નહોર હોય છે.

૫) સિંહ ગુફામાં રહે છે.

૬) સિંહની ગર્જના સાંભળીને જંગલનાં પ્રાણીઓ ભયભીત થઈ નાસભાગ કરે છે.

૭) ગુજરાતમાં આવેલા ગીરના જંગલમાં જ સિંહોની વસ્તી છે.

૮) સિંહ સૌથી વધુ બળવાન પ્રાણી છે. તેથી જંગલનો રાજા કહેવાય છે.

# ૧૦ વૃક્ષદાદા (ટેકનો ટેલ)

## પાઠની રૂપરેખા

**વૃક્ષ દાદા**

(૧) ગાઢ જંગલમાંથી કઠિયારા દ્વારા રાતના અંધારામાં વૃક્ષ કાપવાનું કાર્ય કરવું.

(૨) શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ડેમની મુલાકાત લેવી. બાળકો દ્વારા રમત રમવી ત્યારે કોઈનો રડવાનો અવાજ આવવો.

(૩) બાળકો દ્વારા રડવાના અવાજની શોધખોળ કરવી. વડ દાદા દ્વારા રડવું અને રડવાનું કારણ જણાવવું.

(૪) બાળકોએ શિક્ષકની મદદથી જંગલના ફોટા પાડવા અને સોશિયલ મીડિયા પર મૂકી તે અંગે જાગૃતતા લાવવી.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ પાઠના આધારે સોશિયલ મીડિયાના સદ્ઉપયોગનું મહત્ત્વ સમજશે.
૨) વિદ્યાર્થીઓ મદદ, સહકાર અને સંપ જેવા ગુણોને વિકસાવશે.
૩) વિદ્યાર્થીઓ વૃક્ષો પ્રત્યે આદર અને સન્માન દાખવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ ભાષાકીય ક્ષમતાનો વિકાસ કરશે.
૨) વિદ્યાર્થીઓ સોશિયલ મીડિયાના ફાયદા અને ગેરફાયદાને સમજશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને અલગ અલગ સોશિયલ મીડિયાના પ્રતીકાત્મક ચિત્ર બતાવશે. તે વિશે ચર્ચા કરીને વર્ણન શક્તિનો વિકાસ કરશે.

## શિક્ષણ પ્રવૃત્તિ સમસ્યા ઉકેલ

- શિક્ષક વિદ્યાર્થીઓને વર્ગ સમક્ષ બે સમસ્યા ઉકેલ આપશે.
  ઉ.દા. (૧) તમારા મિત્ર સાથે તમે ડેમની મુલાકાત લેવા માટે ગયા છો. ત્યારે તમારા મિત્રની સાઇકલ ત્યાંથી કોઈ લઈને જતું રહે છે. તો તમે શું કરશો?
- આમ વિદ્યાર્થીઓને પરિસ્થિતિ આપી તે વિશે ઊંડાણપૂર્વક વિચારતા કરવા. સાથો-સાથ તર્ક અને નિર્ણયશક્તિનો વિકાસ કરશે.
- આમ વિદ્યાર્થીઓને સમજ આપવી કે વૃક્ષદાદાને બચાવવા બાળકોએ ત્વરિત નિર્ણયશક્તિનો ઉપયોગ કર્યો હતો. જેમાં તેમણે સોશિયલ મીડિયાનો ઉપયોગ પણ કર્યો હતો.

## પ્રતિભાવ

૧) પરિસ્થિતિની રજૂઆત
૨) પરિસ્થિતિનો ઉકેલ

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ
૨) વિદ્યાર્થીઓની તર્ક અને સમસ્યા ઉકેલનો વિકાસ

## અંતઃવિષય દૃષ્ટિકોણ

૧) વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયના આધારે સમજશે કે આપણા માટે વૃક્ષ ખૂબ ઉપયોગી હોય છે.

## પ્રવૃત્તિ

૧) વૃક્ષનું ચિત્ર બનાવી તેમાં કોલાર્જ વર્ક કરો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) વૃક્ષ શા માટે ઉપયોગી છે.
૨) વૃક્ષનું રક્ષણ શા માટે કરવું જોઈએ?

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) વૃક્ષની જગ્યાએ તમે હોઉ તો શું કરો? તે લખો.
૨) વૃક્ષ આપણને વરસાદ કેવી રીતે આપે છે?

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) 'બાળકોની' જગ્યાએ તમે હોઉ તો શું કરત?
૨) સોશિયલ મીડિયાનો ઉપયોગ વરદાન કે અભિશાપ તે લખો.

## ગૃહકાર્ય

- તમારા ઘરની આજુબાજુના કોઈપણ પાંચ વૃક્ષો વિશે માહિતી ભેગી કરો.

## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧ વિચારીને લખો.**

૧) સોશિયલ મીડિયાના ફાયદા અને ગેરફાયદાઓ તમારા શબ્દમાં લખો.

**પ્ર.૨ યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧) દેયાન અને તેના મિત્રો કયા ઝાડ સાથે ફોટા લઈ રહ્યા હતા?
અ) વડના   બ) આંબાના   ક) લીમડાના

૨) નંદનવન પર કોણ ધ્યાન આપતું નથી?
અ) જંગલના અધિકારી   બ) બાળકો   ક) વડીલો

૩) દેયાને વડદાદાનો ફોટો ક્યાં અપલોડ કર્યો હતો?
અ) ઓર્કૂટ   બ) ટ્વિટર   ક) ફેસબુક

૪) ખૂબ જ ગુસ્સાથી કોણ બોલ્યું હતું?
અ) જીયા   બ) નિષ્ઠા   ક) દેયાન

## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ નીચેના ચિત્રનું અવલોકન કરી તે વિશે ૧૦ વાક્ય લખો.**



## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧) બાળકો શાળામાંથી પિકનિક પર કડાણા ડેમ પર ગયા હતા.
૨) દેયાન અને તેના મિત્રો ફોટા લઈ રહ્યા હતા.
૩) સૌથી પહેલા રડવાનો અવાજ જીયાએ સાંભળ્યો.
૪) નંદનવન પર જંગલના અધિકારીઓ ધ્યાન આપતા નહોતા.
૫) દેયાને વડદાદાની સમસ્યા ઝડપથી દૂર કરવા નંદનવનનો ફોટો સોશિયલ મીડિયા પર (Share) શૅર કર્યો.

**જ.૨ પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યમાં લખો.**

૧) વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.
૨) (૧) વૃક્ષ આપણને ઑક્સિજન આપે છે. (૨) વૃક્ષ બળતણ માટે લાકડું આપે છે. (૩) વૃક્ષ પંખીઓનું ઘર છે. (૪) વૃક્ષનાં લાકડામાંથી રાચરચિલું બને છે. (૫) વૃક્ષ આપણને ઔષધિ આપે છે. (૬) વૃક્ષ છાંયડો આપે છે.
૩) વડ દાદાના પૌત્ર અને પૌત્રીઓને રોજ કઠિયારાઓ રાત્રે આવીને કાપીને લઈ જાય છે. તેઓ નિઃસહાય બની ગયા છે. તેમની મદદ કરી શકતા નથી. જંગલના અધિકારીઓ ધ્યાન નથી આપતા. બાળકો પાસે મદદ માગે છે.
૪) દેયાને ફેસબુક પર અપલોડ કર્યું કે, ‘‘અમે નંદનવનના ભૂલકાંઓ છીએ. અમે તમને કિંમતી ઑક્સિજન ઉત્પાદન કરી આપીએ છીએ, વાયુ પ્રદૂષણ અટકાવીએ છીએ. ૧૦૦ થી વધુ પક્ષીઓ અમારા પર રહીને તેમનો માળો બાંધે છે. અમે તેમને ૫૦ થી ૧૦૦ વર્ષ સુધી કામમાં લાગીએ છીએ. કઠિયારા તેમની સ્વાર્થી પ્રવૃત્તિના કારણે અમારા પર કુહાડીના ઘા કરી પૈસા મેળવે છે. અમારી તમને બધાને અપીલ છે કે અમારા નંદનવન ને નંદનવન રહેવા દો.’’

**જ.૩ નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો.**

૧) જીયા ૨) વડદાદા ૩) જીયા

**જ.૪ સમાનાર્થી શબ્દ લખો.**

૧) વન ૨) દ્રષ્ટિ ૩) દોસ્ત ૪) વૃક્ષ

૫) તલ્લીન ૬) હવા

**જ.૫ વિરોધી શબ્દ લખો.**

૧) હસવું ૨) નિર્ભય ૩) દિવસે

૪) નિઃસહાય ૫) શત્રુ

**નીચેના શબ્દોનો ઉપયોગ કરીને વડ વિશે પાંચ વાક્ય લખો.**

૧) વડના પાન લીલાં લીલાં છમ હોય છે. ૨) વડનું થડ ખૂબ જાડું હોય છે.

૩) વડના ફળને ટેટા કહેવાય છે. ૪) ઉપરથી લટકતાં દેખાતાં મૂળને વડવાઈ કહેવાય છે.

૫) વડ પર પક્ષીઓ પોતાનો માળો બનાવીને આશ્રય લે છે.

**નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) ઇન્ટરનેટ માગે તે માહિતી પળવારમાં હાજર કરી દે છે.

૨) મિત્રો સાથે સંપર્કમાં રહેવું, સંદેશા-ફોટોગ્રાફ-વીડિયો માહિતી વગેરેની આપલે કરવી હોય વગેરે વસ્તુ શક્ય બને છે.

૩) ઇન્ટરનેટ એટલે દુનિયાભરમાં પથરાયેલા અનેક કમ્પ્યૂટરને જોડતું એક નેટવર્ક.

૪) જાદુઈ જીન - ઇન્ટરનેટ.

## કાર્યપત્રિકા જવાબ - ૧

**જ.૧ વિચારીને લખો.**

૧) વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.

**જ.૨ યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧) અ) વડના

૨) અ) જંગલના અધિકારી

૩) ક) ફેસબુક

૪) બ) નિષ્ઠા

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ નીચેના ચિત્રનું અવલોકન કરી તે વિશે ૧૦ વાક્ય લખો.**

વિદ્યાર્થીઓ ચિત્ર વિશે સ્વભાષામાં લખશે.

# ૧૧ મારા પ્યારા પપ્પા

## કાવ્યની રૂપરેખા

**મારા પ્યારા પપ્પા**

(૧) બાળકને તેના પપ્પા ખૂબ વ્હાલા હોય છે.

(૨) બાળક સાથે પપ્પા મસ્તી કરે છે, વહાલ ભર્યા સાદે બોલાવે છે. બાળકને પ્રેમથી ભણાવે છે.

(૩) ભૂલ થાય તો પ્રેમથી સમજાવે છે. રવિવારે ફરવા લઈ જાય છે. ભેલપુરી ને આઈસ્ક્રીમ ખવડાવે છે.

(૪) નવા-નવા રમકડા અપાવે છે. બાળકને જે વસ્તુ જોઈએ એ લઈ આપે છે. બાળક પર પપ્પા પ્રેમની હેલી વરસાવે છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ પિતૃપ્રેમ અને પિતૃભક્તિને સમજશે.
૨) વિદ્યાર્થીઓ તેમના ચરિત્ર ઘડતરમાં પિતાનું મહત્ત્વનું સ્થાન છે. આ વાતને સમજશે.
૩) વિદ્યાર્થીઓ કુટુંબના બીજા સભ્યનું મહત્ત્વ સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓની ગાન શક્તિનો વિકાસ થશે.
૨) વિદ્યાર્થીઓ કાવ્યનું ગાન કરતા શીખશે.
૩) વિદ્યાર્થીઓની ભાષાકીય ક્ષમતાનો વિકાસ થશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને પિતાજી વિશેનું કાવ્ય સંભળાવશે, તેના આધારે કાવ્યની અભિપ્રેરણા બાંધશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષિકા વિદ્યાર્થીઓને 'મારા પિતા સુપર હિરો' નામની વર્કશીટ બનાવીને આપશે. જેમાં પિતાજી વિશે ૧૦ સવાલો હશે જેવા કે તમારા પિતાજીનું નામ, ઉંમર, ભાવતો ખોરાક, રંગ, સ્થળ વગેરે.
૨) શિક્ષક વિદ્યાર્થીઓને વર્કશીટ કરવા માટે ૨૦ મિનિટનો સમય આપશે.
૩) શિક્ષક વિદ્યાર્થીઓને વર્કશીટના આધારે તેમની સાથેના પિતાજીના સંબંધની વાત કરશે.
૪) શિક્ષક વિદ્યાર્થીઓ સાથે કાવ્યના મહત્ત્વના મુદ્દાઓની ચર્ચા કરશે.
૫) આમ શિક્ષક/શિક્ષિકા વર્કશીટના આધારે વિદ્યાર્થીઓને કાવ્યની સમજણ આપશે.

## પ્રતિભાવ

૧) ઉત્તમ વર્કશીટની ચર્ચા
૨) ઉત્તમ લેખનની ચર્ચા
૩) મુદ્દા રજૂઆતની ચર્ચા

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનું લેખનકાર્ય ૨) વિદ્યાર્થીઓની ભાષાશૈલી ૩) વિદ્યાર્થીઓનું રચનાત્મક કાર્ય

## સામાન્ય ખામીઓ

૧) નવા શબ્દના ઉચ્ચારણમાં ખાસ કરીને માત્રામાં સમસ્યા ઉદ્ભવે
૨) લેખનશૈલીમાં જોડણીની ભૂલો થાય, ખાસ કરીને સ્વ લેખનમાં

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) વિદ્યાર્થીઓ કાવ્યના આધારે પિતાજીનું મહત્ત્વ સમજશે અને હિંદી કે અંગ્રેજી જેવી અન્ય ભાષામાં લેખન કાર્ય કરી શકે. ભાષાશૈલીનો વિકાસ થશે.

## પ્રવૃત્તિ

૧) પપ્પા સાથેનો મારો યાદગાર પ્રવાસ વિશે ૧૦ વાક્ય લખો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) તમારા માટે કુટુંબ એટલે શું? ૨) તમારા કુટુંબમાં સૌથી મોટુ વડીલ કોણ છે?

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) તમને પરિવારમાં સૌથી વધારે કયા સભ્ય સાથે બહાર ફરવું ગમે? શા માટે?
૨) તમારા ભાઈ કે બહેન વિશે લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) મમ્મી પરિવારનો આધાર તો પપ્પા પરિવારનો સ્તંભ છે તે વિશે તમારા શબ્દ લખો.

## ગૃહકાર્ય

૧) તમારા દાદા, તેમના દાદાના નામ મેળવીને તે વિશે ચાર્ટ બનાવો (પરદાદાની માહિતી મેળવી)

## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧ કાવ્યપંક્તિમાં ખૂટતા શબ્દો મૂકો.**

૧) વહાલભર્યા .................. બોલાવતા. ૨) ભૂલ થાય તો .................. સમજાવતા.

૩) જાત, જાતનાં .................. અપાવતા. ૪) પાસે બેસી મને ..................

**પ્ર.૨ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧) મારી સાથે ..........................................................................................

.......................................................................................... પ્યારા છે.

૨) રવિવારે ..........................................................................................

.......................................................................................... પ્યારા છે.

**પ્ર.૩ તમારા પપ્પાની ગમતી કોઈ પણ બે વસ્તુ નીચેના તારામાં લખો.**

## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ શિક્ષકની સંગાથે**

નીચે તમારા શિક્ષક કે વડીલની મદદથી જુદી-જુદી ભાષામાં માતા-પિતાને કયા નામથી બોલાવાય છે તે શોધીને લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | ગુજરાતી → | માતા | | પિતા | |
| ૨) | મરાઠી → | માતા | | પિતા | |
| ૩) | બંગાળી → | માતા | | પિતા | |
| ૪) | પંજાબી → | માતા | | પિતા | |
| ૫) | મારવાડી → | માતા | | પિતા | |

**પ્ર.૨ વિચારીને કહો.**

૧) તમારા પપ્પાની બહેન તમારા શું થાય છે? ....................

૨) તમારા પપ્પાની બા તમારા શું થાય છે? ....................

૩) તમારા પપ્પાના ભાઈ તમારા શું થાય છે? ....................

૪) તમારા પપ્પાના બાપા તમારા શું થાય છે? ....................

૫) તમારા પપ્પાના પત્ની તમારા શું થાય છે? ....................

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) આ કાવ્ય પપ્પાને ઉદ્દેશીને લખાયું છે. ૨) પપ્પા બાળકને વહાલભર્યા સાદે બોલાવે છે.

૩) પપ્પા બાળકને ભૂલ થાય ત્યારે પ્રેમથી સમજાવે છે.

૪) રવિવારે ફરવા લઈ જતા ત્યારે પપ્પા ભેળપુરી ને આઈસ્ક્રીમ ખવડાવતા હતા અને જાત-જાતનાં રમકડાં અપાવતા હતા.

૫) બાળક પર પપ્પા હેતની હેલી વરસાવતા હતા. ૬) આ કાવ્યમાંથી પિતૃપ્રેમનું મૂલ્ય મળે છે.

**જ.૨ સમાનાર્થી શબ્દ લખો.**

૧) બાપુજી ૨) ચૂક, ગફલત ૩) સ્નેહ

**જ.૩ વિરોધી શબ્દ લખો.**

૧) પાકું ૨) છેલ્લું ૩) ભીનું ૪) અપ્રિય ૫) જૂનું ૬) મોડું

**જ.૪ જાતિ બદલો.**

૧) પિતા ૨) ગાય ૩) દેવી ૪) વીરાંગના ૫) બા ૬) સેવિકા

૭) વધુ ૮) ભેંસ

**જ.૫ કાવ્યપંક્તિનો અર્થ સમજાવો.**

૧) આ કાવ્ય પંક્તિમાં એમ કહેવામાં આવ્યું છે કે પપ્પાનો પ્રેમ વરસાદની હેલી જેવો છે. જે બાળક પર અઢળક વરસે છે. બાળકને સૌથી વહાલા તેના પપ્પાજી છે.

**જ.૬ કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દ જોડી શોધીને લખો.**

૧) સમજાવતા - ખવડાવતા
૨) બોલાવતા - ભણાવતા
૩) અપાવતા - આવતા

## કાર્યપત્રિકા જવાબ - ૧

**જ.૧ કાવ્યપંક્તિમાં ખૂટતા શબ્દો મૂકો.**

૧) વહાલભર્યા સાદે બોલાવતા.
૨) ભૂલ થાય તો પ્રેમથી સમજાવતા.
૩) જાત, જાતનાં રમકડા અપાવતા.
૪) પાસે બેસી મને ભણાવતા.

**જ.૨ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧) મારી સાથે મસ્તી કરતા, હરતા - રમતા
મારા પપ્પા મને બહુ પ્યારા છે.

૨) રવિવારે ફરવા લઈ જતા
મારા પપ્પા મને બહુ પ્યારા છે.

**જ.૩ તમારા પપ્પાની ગમતી કોઈ પણ બે વસ્તુ નીચેના તારામાં લખો.**

વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.

## કાર્યપત્રિકા જવાબ - ૨

**જ.૧ શિક્ષકની સંગાથે**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ગુજરાતી | → | બા | બાપુજી |
| ૨. | મરાઠી | → | આઈ | બાબા |
| ૩. | બંગાળી | → | મા | બાબા |
| ૪. | પંજાબી | → | મા | પિતા |
| ૫. | મારવાડી | → | માસા | બાબાસા |

**જ.૨ વિચારીને કહો.**

૧) ફોઈબા  ૨) દાદી  ૩) કાકા  ૪) દાદા  ૫) માતા

# ૧૨ ધીરુભાઈ અંબાણી

## પાઠની રૂપરેખા

| | |
|---|---|
| **જન્મ** | – ૨૮મી ડિસેમ્બર ઈ.સ. ૧૯૩૨ માં કુકસવાડામાં થયો હતો. |
| **મૃત્યુ** | – ૬ જુલાઈ, ૨૦૦૨ |
| **માતા-પિતા** | – જમનાબેન – હીરાચંદ |
| **મૂળનામ** | – ધીરજલાલ હીરાચંદ અંબાણી |
| **સપનુ** | – મોટું વિચારવાનું અને ઝડપથી વિચારવાનું. |
| **શિક્ષણ** | – પ્રાથમિક શિક્ષણ ચોરવાડ આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે અભ્યાસ પડતો મૂક્યો. |
| **રિલાયન્સની સ્થાપના** | – ઈ.સ. ૧૯૬૬માં રિલાયન્સની સ્થાપના કરી. તેમના પરિશ્રમના કારણે ઈ.સ. ૧૯૭૭માં વર્લ્ડ બેંકએ શ્રેષ્ઠ એકમનો ખિતાબ આપ્યો હતો. |
| **વેપાર** | – પેટ્રોકેમિકલ, ઈન્ફર્મેશન ટેકનોલૉજી, એનર્જી પાવર |
| **સ્વભાવ** | – ઉમદા અને સમાજસેવક |
| **પુરસ્કાર** | – ૨૦૧૬માં મરણોત્તર પદ્મ વિભૂષણ, ૧૯૯૮માં ડીન્સ મેડલ<br>– વીસમી સદીના માનવ |

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ ધીરુભાઈના જીવનનો પરિચય મેળવશે. ૨) વિદ્યાર્થીઓ જીવનમાં સદ્‌ગુણો વિકસાવશે.
૩) વિદ્યાર્થીઓ વ્યક્તિમાં રહેલી તાકાતોને સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓની ભાષાકીય ક્ષમતાનો વિકાસ થશે. ૨) વિદ્યાર્થીઓ મહાન વ્યક્તિના જીવન ચરિત્રને સમજશે.
૩) વિદ્યાર્થીઓ નવા શબ્દનો પરિચય મેળવશે. ૪) વિદ્યાર્થીઓમાં શબ્દભંડોળ વધશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને youtube પર ધીરુભાઈ વિશેનો વીડિયો બતાવશે. તેના આધારે પાઠની સંકલ્પના બાંધશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને જુદા જુદા ચાર સમૂહમાં વિભાજિત કરશે.
૨) વિદ્યાર્થીઓને જુદા જુદા ચાર પાઠના અંશોને વાંચન કરવામાં આવશે.
૩) શિક્ષક વિદ્યાર્થીઓને અંશોને વાંચન કરવા માટે યોગ્ય સમય આપશે.
૪) વિદ્યાર્થીઓ પાઠના અંશોને ક્રમઅનુસાર રજૂઆત કરશે. આમ સ્વઅધ્યયનની મદદથી પાઠની સમજૂતી મેળવશે.
૫) આમ વિદ્યાર્થીઓની ભાષાકીય શૈલીનો વિકાસ થશે.

## પ્રતિભાવ

૧) ફકરા (અંશો)ની રજૂઆત ૨) ચર્ચાની પ્રશંસા ૩) વિદ્યાર્થીઓમાં ઉદ્‌ભવતી સમસ્યાનું નિવારણ

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો રજૂઆત માટેનો આત્મવિશ્વાસ ૨) વિદ્યાર્થીઓની ચર્ચાનું મૂલ્યાંકન

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) આ પાઠના આધારે વિદ્યાર્થીઓ ઐતિહાસિક પાત્રનો પરિચય ઈતિહાસ વિષય દ્વારા મેળવશે.

## પ્રવૃત્તિ

૧) ભારતના કોઈપણ પાંચ ઉદ્યોગપતિના નામ લખો.

## રચનાત્મક કાર્ય

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) ધીરુભાઈ અંબાણીનો જીવનમંત્ર શું હતો? ૨) ધીરુભાઈ અંબાણીના પરીવારના સભ્યના નામ લખો.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) ઉદ્યોગપતિ એટલે શું? ૨) તમને કયો ઉદ્યોગ ગમે છે? શા માટે?

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) તમારા ભવિષ્યના સપના વિશે લખો. ૨) તમારા જીવનમંત્ર વિશે વિચારો અને લખો.

## ગૃહકાર્ય

Jio જીયો ફોન વિશે માહિતી ભેગી કરી લખો.

## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧ તમારા પપ્પાની સાથે મળીને રિલાયન્સ જૂથ એ કયા કયા ક્ષેત્રે તેમની પાંખો પસરાવી છે, તે શોધીને કોઈપણ પાંચ ક્ષેત્ર લખો.**

ઉ.દા. રિલાયન્સ પેટ્રોકેમિકલ્સ

## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ ધીરુભાઈ અંબાણી વિશે પાઠના આધારે ૧૦ વાક્ય લખો.**

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) ધીરુભાઈ અંબાણીએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી.

૨) ધીરુભાઈએ ટેકસ્ટાઇલ વ્યવસાયમાં 'વિમલ'નું જાણીતું કાપડ બજારમાં મૂક્યું હતું.

૩) ધીરુભાઈએ પેટ્રોકેમિકલ, ઈન્ફર્મેશન ટેકનોલોજી, એનર્જી પાવર વગેરે ક્ષેત્રમાં ઉદ્યોગો સ્થાપ્યા હતા.

૪) કોર્પોરેટ એટલે કે નોંધાયેલ ઔદ્યોગિક એકમો. જેમાં ઉદ્યોગના વિવિધ ક્ષેત્રે તેમનું પ્રદાન હોવાને કારણે તેમને કોર્પોરેટ ક્ષેત્રના ઔદ્યોગિક ક્ષેત્રો જેવાં કે ટેકસ્ટાઇલ, કેમીકલ, પેટ્રોકેમીકલ, એનર્જી પાવર અને ઈન્ફોર્મેશન ટેકનોલૉજી વગેરેમાં તેમનું યોગદાન મહત્ત્વનું છે. માટે કોર્પોરેટ ગુરુ કહેવાય છે.

૫) ધીરુભાઈ અંબાણી માત્ર ઔદ્યોગિક ક્ષેત્રે જ નહીં પરંતુ સામાજિક ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે અને આર્થિક ક્ષેત્રે ઘણું અમૂલ્ય પ્રદાન આપ્યું છે. તેમણે દેશને એક આગવી ઓળખ આપી છે. આવા સાહસિક, માનવતાવાદી અને સમાજસેવક ધીરુભાઈ અંબાણીને ફેડરેશન ઑફ ઈન્ડિયન ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આ 'વીસમી સદીના માનવ' તરીકે નવાજવામાં આવ્યા છે.

**જ.૨ એક વાક્યમાં જવાબ આપો.**

૧) ખંત, અથાક પરિશ્રમ, કુનેહ, સૂઝ, દીર્ઘદ્રષ્ટિ, હિંમત, સાહસ, ઝડપી વિચારશક્તિ વગેરે ગુણો છે.
૨) રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના ઈ.સ. ૧૯૬૬માં થઈ હતી.
૩) મરણોત્તર પદ્મવિભૂષણ પુરસ્કાર.
૪) વર્લ્ડ બેંક દ્વારા તેમની કંપનીને શ્રેષ્ઠ એકમનો ખિતાબ મળ્યો હતો.

**જ.૩ સમાનાર્થી શબ્દો લખો.**

૧) પુરસ્કાર ૨) શિક્ષક ૩) મહેનત ૪) ઉદ્યોગ ૫) ફાળો ૬) ઉત્તમ

**જ.૪ વિરોધી શબ્દો લખો.**

૧) દાનવ ૨) મરણ ૩) આળસ ૪) કાયર ૫) કપૂત ૬) અજાણીતા

**જ. શિક્ષકની સંગાથે.**

૧) ભારત સરકાર દ્વારા ભારતરત્ન, પદ્મવિભૂષણ, પદ્મભૂષણ, પદ્મશ્રી ખિતાબ અપાય છે.

**જ.૫ સાચી જોડણી લખો.**

૧) એશિયા ૨) ભારતીય ૩) રીલાયન્સ ૪) વ્યવસાયમાં ૫) દુનિયા

**જ.૬ કહો તે કોણ ?**

૧) જમનાબેન ૨) હીરાચંદ ૩) અનિલ અને મુકેશ
૪) ચંપકલાલ દામણી ૫) ધીરુભાઈ

## કાર્યપત્રિકા જવાબ - ૧

**જ.૧** ૧) રિલાયન્સ એનર્જી ૨) રિલાયન્સ ઈન્ફર્મેશન ટૅકનોલૉજી ૩) રિલાયન્સ જીઓ
૪) રિલાયન્સ મોલ ૫) રિલાયન્સ લાઈફ ઈન્સોયરન્સ ૬) રિલાયન્સ ટૅક્સ્ટાઇલ

## કાર્યપત્રિકા જવાબ - ૨

**જ.૧** ૧) ધીરુભાઈનો જન્મ ૨૮મી ડિસેમ્બર ઈ.સ. ૧૯૩૨માં કુકસવાડમાં મોઢ વણિક પરિવારમાં થયો હતો.
૨) ધીરુભાઈ અંબાણીનું મૂળ નામ ધીરજલાલ હીરાચંદ અંબાણી હતું.
૩) તેમના માતાનું નામ જમનાબેન અને પિતાનું નામ હીરાચંદ હતું.
૪) પ્રાથમિક શિક્ષણ પોતાના ચોરવાડ ગામમાં લીધુ.
૫) મેટ્રિક સુધીનો અભ્યાસ જૂનાગઢમાં કર્યો હતો.
૬) ઈ.સ. ૧૯૬૬માં રિલાયન્સની સ્થાપના કરી.
૭) તેમના પરિશ્રમના કારણે ઈ.સ. ૧૯૭૭માં વર્લ્ડ બેંકએ શ્રેષ્ઠ એકમનો ખિતાબ આપ્યો હતો.
૮) તેઓ ઉમદા સ્વભાવના વ્યક્તિ હતા.
૯) તેમને વીસમી સદીના માનવ અને કોર્પોરેટ ગુરુ તરીકે ઓળખવામાં આવે છે.
૧૦) તેમને ભારત સરકાર દ્વારા મરણોત્તર પદ્મ વિભૂષણ પુરસ્કાર એનાયેત થયો હતો.

# ૧૩ ધરતી માતાનો ઈ-મેલ

## પાઠની રૂપરેખા

**ધરતી માતાનો ઈ-મેલ**

(૧) પર્યાવરણ પ્રેમી બાળકોને ધરતી માતાનો ઈ-મેલ ઈનબૉક્સમાં વારંવાર આવતો હતો.

(૨) ઈ-મેલમાં ધરતી માતાએ પોતાની વ્યથા દર્શાવી હતી.

(૩) ઈ-મેલમાં ધરતી માતાએ પોતાની ઉત્પત્તિથી લઈને પોતાના પર થતા નવા-નવા પ્રયોગોની વાત કરી છે.

(૪) ધરતી માતા અંતે ઈ-મેલમાં તેમને બચાવવાની વિનંતી કરી છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ નૈસર્ગિક સંપત્તિનું મહત્ત્વ સમજશે.
૨) વિદ્યાર્થીઓ નૈસર્ગિક સંપત્તિનું રક્ષણ અને જાળવણીનું મહત્ત્વ સમજશે.
૩) વિદ્યાર્થીઓ સમસ્યા નિવારણ જેવા ગુણોનો વિકાસ કરશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓની તર્કશક્તિનો વિકાસ થશે.
૨) વિદ્યાર્થીઓની ભાષાકૌશલ્યનો વિકાસ થશે
૩) વિદ્યાર્થીઓ નવા શબ્દોનો પરિચય મેળવશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને પૃથ્વીના ઉત્પત્તિ વિશેનો વીડિયો youtube પર બતાવશે. તેના આધારે પાઠની સંકલ્પના બાંધશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને 'વિશ્વ પૃથ્વી દિવસ'ના ચિત્રો બતાવશે. તેના આધારે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરશે.
૨) વિદ્યાર્થીઓની ચર્ચાના આધારે પૃથ્વીની ઉત્પત્તિ અને તેના પર થતા નવતર પ્રયોગોની ચર્ચા કરશે.
૩) શિક્ષક ચર્ચાના આધારે પાઠના મુદ્દાઓની પણ ચર્ચા કરશે.

**મહત્ત્વના મુદ્દા**

- પૃથ્વીની ઉત્પત્તિ
- પૃથ્વીનો પ્રથમ ઉપયોગ
- મનુષ્ય દ્વારા પૃથ્વી પર થતા નવતર પ્રયોગ
- નવતર પ્રયોગો દ્વારા થતા ફાયદા અને ગેરફાયદા
- પૃથ્વીની વિનંતી

૪) આમ મુદ્દાઓને આવરીને શિક્ષક પાઠની સમજૂતી સ્પષ્ટ કરશે.
૫) આમ વિદ્યાર્થીઓ ચર્ચાના આધારે અને સ્વઅધ્યયનથી પાઠની સમજૂતી મેળવશે.

## પ્રતિભાવ

૧) ચિત્રવર્ણનની પ્રશંસા
૨) મુદ્દાઓના ચર્ચાની પ્રશંસા

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) ચિત્રવર્ણનની ચર્ચા ૨) મુદ્દાઓની ચર્ચા ૩) નવા શબ્દની ચર્ચા

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) શિક્ષક પાઠને વિજ્ઞાન, ઈતિહાસ અને ભૂગોળ જેવા વિષયો સાથે આવરીને પાઠની વધુ સમજૂતી સ્પષ્ટ કરશે.

## પ્રવૃત્તિ

૧) પૃથ્વીનું ચિત્ર દોરી તેને સુંદર રીતે સજાવો.

## રચનાત્મક કાર્ય

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) ચંદ્રને શા માટે મામા કહેવાય છે?
૨) સૂરજને શા માટે દાદા કહેવાય છે?

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) જો પૃથ્વી સિવાય બીજા કોઈ ગ્રહ પર તમને રહેવા મોકલવામાં આવે, તો તમે કયા ગ્રહ પર રહેવા માટે જાવ? શા માટે?

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) ‘જો હું પૃથ્વી હોઉં તો’’ તમે તમારી વ્યથા કેવી રીતે વ્યક્ત કરો? તે લખો.

## ગૃહકાર્ય

આભામંડળનું ચિત્ર બનાવો તે વિશે લખો.

## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧ સમાનાર્થી શબ્દ લખો.**

૧) દિવસ - ........... ૨) સુંદર - ........... ૩) જળ - ...........
૪) વાયુ - ........... ૫) પ્રકોપ - ...........

**પ્ર.૨ વિરોધી શબ્દ લખો.**

૧) પ્રિય × ........... ૨) જાગૃત × ........... ૩) પ્રાચીન × ...........
૪) ઉપયોગ × ........... ૫) સભ્ય × ...........

## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ પાઠમાંથી પાંચ વિશેષણ શોધીને લખો.**

૧) ................. ૨) ................. ૩) .................
૪) ................. ૫) .................

**પ્ર.૨ પાઠમાંથી પાંચ સંજ્ઞા શોધીને લખો.**

૧) ................. ૨) ................. ૩) .................
૪) ................. ૫) .................

**પ્ર.૩ પાઠમાંથી પાંચ સર્વનામ શોધીને લખો.**

૧) ................. ૨) ................. ૩) .................
૪) ................. ૫) .................

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોનાં ઉત્તર એક વાક્યમાં લખો.**

૧) પાંચ મિત્રોની ટોળકી હતી. ૨) ધરતી સૂર્યની પરિક્રમા કરે છે.
૩) ચંદ્ર ધરતીની પરિક્રમા છે. ૪) પૃથુ રાજાએ જંગલોને કાપી જમીનને ખેતીલાયક સમતલ બનાવી.
૫) હળની શોધ પૃથુ રાજાએ કરી.
૬) 'નૈસર્ગિક' સંપત્તિનો દૂરઉપયોગ ન કરો.' આ વિનંતી ધરતીમાતા કરે છે.
૭) ધરતીમાતાની રક્ષા માટે આપણે વધુ વૃક્ષ રોપવા જોઈએ.

**જ.૨ સમાનાર્થી શબ્દ લખો.**

૧) ટોળી ૨) ધરા, પૃથ્વી ૩) સૂરજ, ભાસ્કર ૪) કુદરતી

**જ.૩ વિરોધી શબ્દ લખો.**

૧) રાત ૨) મરણ ૩) કદરૂપું

**જ.૪ જોડણી સુધારો.**

૧) પર્યાવરણ ૨) જાગૃત ૩) પ્રિય ૪) વૈજ્ઞાનિક
૫) મનુષ્ય ૬) આવિષ્કાર ૭) સંપતિ

**જ.૫ વિચારીને લખો.**

૧) ધરતીમાતાનાં રક્ષણ માટેનાં બે ઉપાય આ મુજબ છે. (૧) વધુ વૃક્ષ વાવો અને (૨) વૃક્ષોને કાપતાં અટકાવો.
૨) ધરતી માતાએ ઈ-મેલમાં તેમની ઉત્પત્તિ વિશે ચર્ચા કરી છે. પછી તેમના પર થયેલા પ્રયોગની વાત કરી છે. પ્રયોગ દ્વારા તેમના પર થતા નુકસાનની ચર્ચા કરી છે. અંતે નૈસર્ગિક સંપત્તિની જાળવણીની વાત કરી છે.
૩) ધરતી માતા સૂરજની પરિક્રમા કરે છે માટે આપણે સૂરજને દાદા કહીએ છીએ. ચંદ્ર ધરતીની પરિક્રમા કરે છે એટલે મામા કહીએ છીએ.

**જ.૬ નીચેના કોઠામાં 'ધરતી'નાં અલગ અલગ નામો આપ્યાં છે. તે શોધીને લખો.**

૧) ભૂમિ ૨) ધરા ૩) જમીન ૪) ભોય
૫) વસુંધરા ૬) પૃથ્વી ૭) ભૂમિ ૮) વિશ્વંભરા
૯) વસુધા ૧૦) અવનિ

**જ. લેખ વાંચી વિશેષણ શોધીને લખો.**

૧) સૌંદર્ય ૨) સુંદર ૩) રાતાં ૪) મોહી
૫) ઠંડુ ૬) પ્રફુલ્લિત ૭) આનંદ

## કાર્યપત્રિકા જવાબ - ૧

**જ.૧ સમાનાર્થી શબ્દ લખો.**

૧) દિન ૨) રૂપાળું ૩) પાણી ૪) હવા ૫) ગુસ્સો

**જ.૨ વિરોધી શબ્દ લખો.**

૧) અપ્રિય ૨) અજાગૃત ૩) અર્વાચીન ૪) દૂરઉપયોગ ૫) અસભ્ય

## કાર્યપત્રિકા જવાબ - ૨

**જ.૧ પાઠમાંથી પાંચ વિશેષણ શોધીને લખો.**

૧) સુંદર ૨) ઠંડા ૩) સ્વાર્થી ૪) પરાક્રમી ૫) સાહસી

**જ.૨ પાઠમાંથી પાંચ સંજ્ઞા શોધીને લખો.**

૧) સમુદ્ર ૨) પાણી ૩) રાજા ૪) પૃથુ ૫) તારા

**જ.૩ પાઠમાંથી પાંચ સર્વનામ શોધીને લખો.**

૧) મારા ૨) તેઓ ૩) હું ૪) તમારી ૫) તેમના

# ૧૪ તિલક હોળી

## કાવ્યની રૂપરેખા

**તિલક હોળી**

(૧) કાવ્યમાં હોળી ખુશીઓ લાવી છે. સાથો-સાથ કંઈક નવું વિચારીને પાણી વ્યય અટકાવની વાત છે.

(૨) પિચકારી અને ફુગ્ગા છોડીને એકબીજાને તિલક કરીએ.

(૩) કેસૂડાના રંગોથી રમીએ. પાણીનું જતન કરવા કહે છે.

(૪) હોળીના સુંદર તહેવારને ભેગા મળીને સૌ આનંદ કરવાની વાત કરે છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ તહેવારનું મહત્ત્વ સમજશે.
૨) વિદ્યાર્થીઓ તહેવાર પાછળ સંકળાયેલ પરંપરાગત સંસ્કૃતિનો પરિચય મેળવશે.
૩) વિદ્યાર્થીઓ પાણીનો બગાડ કરવો નહીં તેની સમજણ મેળવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓની ગાન શક્તિનો વિકાસ થશે
૨) વિદ્યાર્થીઓ કાવ્યનું ગાન કરતા શીખશે.
૩) વિદ્યાર્થીઓ જળનાં મહત્ત્વને સમજશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓ સાથે હોળીની પરંપરાગત વાર્તાની ચર્ચા કરશે. તેના આધારે પાઠની અભિપ્રેરણા બાંધશે.

## શિક્ષણ પ્રવૃત્તિ - કાવ્ય પપેટ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને હોળી તહેવારના અલગ-અલગ ચિત્રો બતાવશે.
જેમ કે એક ચિત્રમાં બાળકો પાણીનો બગાડ કરીને હોળી રમી રહ્યા છે. જ્યારે બીજા ચિત્રમાં બાળકો કેસૂડાના ફૂલના રંગોથી હોળી રમી રહ્યા છે. આમ ચિત્ર વચ્ચેના ભેદની ચર્ચા કરશે.
૨) વિદ્યાર્થીઓ શિક્ષક સાથે ચિત્ર વચ્ચેના ભેદને સમજશે.
૩) શિક્ષક વિદ્યાર્થીઓ સાથે કાવ્યના મહત્ત્વના મુદ્દાની પણ ચર્ચા કરશે.
૪) શિક્ષક આમ ચિત્રના આધારે વિદ્યાર્થીઓને સ્વઅધ્યયનની તક આપશે.
૫) આમ સ્વઅધ્યયની મદદથી કાવ્યની સમજૂતી મેળવશે. જરૂર પડે ત્યારે શિક્ષક માર્ગદર્શકની ભૂમિકા ભજવશે.

## પ્રતિભાવ

૧) ઉત્તમ ચિત્રવર્ણનની ચર્ચા
૨) ઉત્તમ મુદ્દા રજૂઆતની ચર્ચા
૩) સમસ્યાઓનું નિવારણ

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનું ચિત્રવર્ણન કાર્ય ૨) વિદ્યાર્થીઓની રચનાત્મક શૈલી ૩) વિદ્યાર્થીઓની ભાષાશૈલી

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) વિદ્યાર્થીઓ વિજ્ઞાન, ઈતિહાસ અને ભૂગોળ વિષયના આધારે 'જળ સંકટ' જેવા વિષયને ઊંડાણપૂર્વક સમજશે. તર્કશૈલીનો વિકાસ થશે.

## પ્રવૃત્તિ

૧) તમારા ગામમાં કે શહેરમાં પાણીની ટાંકીમાં રોજનું કેટલું પાણી સંગ્રહ કરવાની ક્ષમતા છે. તે વિશે માહિતી મેળવીને લખો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) પાણી બચાવના ઉપાય વિશે લખો. ૨) પાણી સંગ્રહ વિશે માહિતી મેળવો.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) પાણી સૃષ્ટિના બીજા જીવો માટે ઉપયોગી તે લખો. ૨) પાણી વિશે નાનકડુ કાવ્ય લખો. (ચાર લાઈન)

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) જળ એ જીવન વિશે લખો. ૨) પાણીના બચાવ માટે એક સૂત્ર લખો.

## ગૃહકાર્ય

૧) 'જળ એ અમૂલ્ય રતન' વિશે તમારા દાદા કે દાદીના વિચારો ચર્ચા કરી લખો.

## કાર્યપત્રિકા-૧

**પ્ર.૧ જોડણી સુધારો.**

૧) તીલક = .................... ૨) કેશૂડો = ....................
૩) ફૂગ્ગા = .................... ૪) વયય = ....................

**પ્ર.૨ સમાનાર્થી લખો.**

૧) સુંદર = .................... ૨) પાણી = ....................
૩) ભેગા = .................... ૪) આનંદ = ....................

**પ્ર.૩ કાવ્યમાંથી પાંચ સંજ્ઞા શોધીને લખો.**

## કાર્યપત્રિકા-૨

**પ્ર.૧ તમને ગમતા કોઈપણ એક તહેવાર વિશે ૧૦ વાક્ય લખો. તેનું ચિત્ર બનાવો.**

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો.**

૧) આ કાવ્યમાં 'હોળી' તહેવારની વાત કરવામાં આવી છે.

२) આ કાવ્યમાં કવયિત્રી પાણીનો બગાડ થતો અટકાવવા માગે છે.
૩) આ કાવ્યમાં પિચકારી અને ફુગ્ગા છોડી દેવાની વાત કરે છે.
૪) હોળી કેસૂડાનાં રંગથી રમવાની વાત કરે છે.
૫) હોળીનાં તહેવારમાં એકબીજાને તિલક કરીને ઉજવવાની વાત કરી છે.
૬) બાળકો સ્વભાષામાં લખશે.

**જ.૨ પ્રશ્નોનાં ઉત્તર બે-ત્રણ વાક્યમાં લખો.**

૧) હોળી એ રંગોનો તહેવાર છે. આ દિવસે લોકો એકબીજા ઉપર રંગ નાખે છે. નાના બાળકો પિચકારી અને ફુગ્ગાથી એકબીજા ઉપર રંગ નાખે છે.
૨) કેસૂડાનો રંગ એ કુદરતી રંગ છે જેનાથી ચામડીને નુકસાન થતું નથી તેથી આપણે કેસૂડાનાં રંગથી હોળી રમવી જોઈએ.

**જ.૩ સમાનાર્થી શબ્દ લખો.**

૧) આનંદ ૨) રક્ષણ ૩) ઉત્સવ

**જ.૪ વિરોધી શબ્દ લખો.**

૧) જૂનું ૨) કદરૂપુ ૩) જુદાં ૪) શોક

**જ.૫ જોડણી સુધારો.**

૧) હોળી ૨) ખુશી ૩) પિચકારી

**જ. ૧૨ મહિનામાં કયા કયા તહેવારો આવે છે.**

કારતક - દેવદિવાળી, નવુ વર્ષ
માગશર - મહાશિવરાત્રી, વસંતપંચમી
પોષ - ઉત્તરાયણ
ફાગણ - હોળી
ચૈત્ર - ગુડી પડવો, રામનવમી
વૈશાખ - અખાત્રીજ
જેઠ - વડ સાવિત્રી
અષાઢ - અષાઢી બીજ, ગુરુપૂર્ણિમા
શ્રાવણ - જન્માષ્ટમી, રક્ષાબંધન
ભાદરવો - ગણેશચતુર્થી
આસો - નવરાત્રિ, દિવાળી

## કાર્યપત્રિકા જવાબ - ૧

**જ.૧ જોડણી સુધારો.**

૧) તિલક ૨) કેસૂડો ૩) ફુગ્ગા ૪) વ્યય

**જ.૨ સમાનાર્થી લખો.**

૧) રૂપાળું ૨) જળ ૩) સાથે ૪) ખુશી

**જ.૩ કાવ્યમાંથી પાંચ સંજ્ઞા શોધીને લખો.**

૧) કેસૂડો ૨) પિચકારી ૩) ફુગ્ગા ૪) તહેવાર ૫) હોળી

## કાર્યપત્રિકા જવાબ - ૨

**જ.૧ તમને ગમતા કોઈપણ એક તહેવાર વિશે ૧૦ વાક્ય લખો. તેનું ચિત્ર બનાવો.**

વિદ્યાર્થીઓ સ્વભાષામાં જવાબ લખશે.